# વૈષ્ણવ જન

સ્વામી અધ્યાત્માનંદ



દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ
શિવાનંદ આશ્રમ, અમદાવાદ - ૩૮૦૦૧૫

ॐ



સૌનું હો કલ્યાણ.
સૌ રહે સુખી.
કોઈ ન હો દુ:ખી.
સૌનું થાઓ મંગળ.
પૂર્વમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં, દક્ષિણમાં.
પહાડોમાં, સમુદ્રમાં, વનમાં, જંગલમાં.
જન જનના જીવનમાં,
શાંતિ હો. શાંતિ હો. શાંતિ હો.
ભૂમિ મંગલમ્.
ઉદક મંગલમ્.
ગગન મંગલમ્.
સૂર્ય મંગલમ્. ચંદ્ર મંગલમ્.
વાયુ મંગલમ્. અગ્નિ મંગલમ્.
જીવ મંગલમ્. જગત મંગલમ્.
મનો મંગલમ્. આત્મ મંગલમ્.
સર્વ મંગલમ્.
સર્વ મંગલમ્. ભવતુ ભવતુ ભવતુ.
ભવતુ ભવતુ ભવતુ.

ॐ

# હાર્દિક અભિનંદન

પ્રિય ભાઈશ્રી / સન્માનનીય બહેનશ્રી,

આ પવિત્ર પ્રસંગ આપ સર્વેને સુખદ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય અને અનેકવિધ મંગલ સંકલ્પોની પૂર્તિ કરનારો નીવડે.

**''વૈષ્ણવ જન''**- પુસ્તિકાની આ નાની ભેટ તેના જ્ઞાનામૃતના પાન દ્વારા આપને દિવ્યતા અર્પો.

પ્રભુકૃપા અને ઈશ્વર-અનુગ્રહની પ્રાર્થના સાથે હાર્દિક અભિનંદન.

અમે આપના જ

## વૈષ્ણવ જન

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે... વૈષ્ણવ.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે... વૈષ્ણવ.
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે... વૈષ્ણવ.
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામ નામશું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે... વૈષ્ણવ.
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યાં રે;
ભણે 'નરસૈંયો' તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે... વૈષ્ણવ.

**- નરસિંહ મહેતા**

❋❋❋❋❋

**પ્રત :** ૧૦,૦૦૦

**પ્રકાશક**
**દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરા, અમદાવાદ-૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

**મુદ્રક**
**પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ**
આંબાવાડી બજાર, અમદાવાદ-૬. ફોન : ૨૬૪૦૫૨૦૦

ॐ

૨૮-૧૦-૦૮
**દીપાવલી**, ૨૦૦૮

પ્રિય અને પૂજ્ય આત્મસ્વરૂપ,
સાદર સવિનય ॐ નમો નારાયણાય, વિનમ્ર પ્રણામ.

દીપાવલી અને નૂતન વર્ષનાં અભિનંદન! શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ, ગુરુ ભગવાન સ્વામી ચિદાનંદજી મહારાજ, ભગવાન વિશ્વનાથ અને શ્રી શ્રી અષ્ટલક્ષ્મી માતાજીની અપાર કૃપાનું વરદાન આપ સૌને સુખદ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય, શ્રી, વર્ચસ્વ, ધન, ધાન્ય, પારિવારિક ઐક્ય, રાષ્ટ્રપ્રેમ અને પ્રભુપરાયણતા આપે એ જ મંગળ પ્રાર્થના.

દીપાવલીનું પર્વ વર્ષોવર્ષ આવે છે. આપણે દીવડા પ્રકટાવીએ છીએ તેવા દીવડા દિલમાં પણ પ્રકટાવીએ અને અંતરને અજવાળીએ એ જ અભ્યર્થના.

શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ અને શિવાનંદ આશ્રમ, અમદાવાદની વિધવિધ પ્રવૃત્તિઓના આપ સહુ સદૈવ શુભેચ્છક, ચાહક રહ્યા છો, તે આપની શુભેચ્છાઓ, ઉદારતા અને સહૃદયતા શાશ્વત રાખશોજી એ જ વિનમ્ર પ્રાર્થના.

શ્રી શ્રી પ્રભુ અને સદ્‌ગુરુદેવના અમોઘ આશીર્વાદ આપ સહુનું બહુવિધ માંગલ્ય કરો, એ જ શુભાકાંક્ષા સાથે,

શિવાનંદ આશ્રમ
અમદાવાદ

# 'વૈષ્ણવ જન'

**પૂ.સ્વામી શ્રી અધ્યાત્માનંદજી**

## ''ઉપોદ્‌ઘાત''

આપણા દેશમાં જેવી કાશ્મીરની સળગતી સમસ્યા છે, તેવો જ કદાચ વધુ જટીલ પ્રશ્ન મૅક્સીકોમાં ચીયાપાસનો છે. ચીયાપાસમાં રેડ ઈન્ડિયનોની મૂળ રહેવાસી નાગરિકોની વસાહતો છે. બહારથી આવેલી મૅક્સીકન પ્રજાઓ દ્વારા આ મૂળ રેડ ઈન્ડિયનો પર માનસિક અને શારીરિક યાતનાઓ તથા અત્યાચાર કરવામાં આવી રહેલ છે, તે માનવ ઈતિહાસનું અવર્ણનીય કલંક છે. તે પ્રજાના સ્ત્રીસમાજનું બધા પ્રકારનું શોષણ છે. તેમનાં બાળકો ઉપર માત્ર અત્યાચાર જ નથી, પરંતુ તેમનું ભવિષ્ય કેવળ માત્ર અંધકાર સિવાય બીજું કંઈ જ પ્રાપ્ત કરી શકશે નહીં. પુરુષ વર્ગ કેવળ માત્ર પશુની માફક નવી પ્રજાનો ગુલામ થઈને જીવી રહ્યો છે. તેમની ' જર, જમીન અને જોરુ' બધાં જ કહેવાતી સુધરેલી અને ભણેલી પ્રજાના અત્યાચારના અંચળા હેઠળ ત્રાસ પામી રહ્યાં છે. તે પ્રજાનું કલ્યાણ કેવી રીતે કરી શકાય? આ સંબંધી વિશ્વભરના અગ્રગણ્ય ધાર્મિક વડાઓની આ રેડ ઈન્ડિયનોની વસાહતમાં જ બંધબારણે પરસ્પર સંવાદ-મુલાકાતો યોજાઈ.

આંતરરાષ્ટ્રીય ધર્મ પરિષદોમાં બધાં જ રાષ્ટ્રોમાંથી ધાર્મિક વડાઓ આવીને પોતાની વાત પોતાના ધર્મનું મહિમાગાન વગેરે કરીને જાય છે, તેવી આ ધર્મપરિષદ ન હતી. અહીં તો કંઈક ઠોસ કામ કરવાનું હતું. પોતાના ખર્ચે અને જીવના જોખમે સદા ત્વરિતચાલિત લાઈટ મશીનગન અને પિસ્તોલોના પહેરા હેઠળ સંવાદ કરવાનો હતો. રેડ ઈન્ડિયનો કોઈપણ સંજોગોમાં મેક્સીકન સરકારના કોઈપણ અધિકારી સાથે કંઈપણ વાર્તાલાપ કરવા માગતા જ ન હતા, તેથી જ હિન્દુ, બૌદ્ધ, ઈસ્લામ, જૈન, ખ્રિસ્તી, બહાઈ, શીખ, પારસી વગેરે ધર્મના વડાઓને આ ''ડાયલોગ''માં જોડાવા



નિમંત્રણ આપવામાં આવ્યું. જૈન, બૌદ્ધ, શીખ, હિન્દુ ધર્માત્માઓ તરફથી ભારતમાંથી શિવાનંદ આશ્રમ - હૃષીકેશના દિવ્ય સંત પૂજ્ય શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ, પૂજ્ય શ્રી દલાઈ લામાજી અને કરુણામૂર્તિ મધર ટેરેસાને આ ડાયલોગમાં જોડાવા નિમંત્રણ આપવામાં આવેલું. સૌ સંમત થયાં હતાં. છેવટની ઘડીએ મધર ટેરેસા આકસ્મિક બીમાર થઈ જતાં કે જે બીમારી પછી તેઓ કદી ઊઠી શક્યાં જ નહીં, તેઓ જઈ શકે તેમ ન હતાં. તેથી દલાઈ લામાજીએ પણ જવા માટે સંમતિ ન દર્શાવી. સ્વામી ચિદાનંદજીએ કહ્યું, ''જો આ બંને સંતો ન પધારે તો હું એકલો જ આટલો લાંબો પ્રવાસ ખેડી શકીશ નહીં.'' ત્યારે વિસ્કોન્સિન યુનિવર્સિટીમાંથી એક પ્રોફેસર છેક અમેરિકાથી ભારત પધાર્યા. ''ભારત તો શાંતિનો દેશ છે. તેનું ઉચિત અને યથેષ્ઠ પ્રતિનિધિત્વ થવું જ જોઈએ એવી ભાવના હતી'' ત્યારે હું અમેરિકામાં જ હતો. પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજે મારું નામ સૂચવ્યું. મારું સદ્‌ભાગ્ય હતું કે ઉપરોક્ત કથિત ત્રણેય વિભૂતિઓનું પ્રતિનિધિત્વ કરવાનું સૌભાગ્ય મને મળ્યું. વહેલી સવારથી મોડી સાંજ સુધી રેડ ઈન્ડિયનોની વસાહતોમાં ૧૮ જેટલા ધાર્મિક વડાઓ જતા હતા. બંને તરફ - કદાચ ચોપાસ બંદુકની નળીઓ તાકેલી રહેતી. આ નેટીવ - મૂળ નિવાસી રેડ ઈન્ડિયનો મોઢે માથે બુકાની બાંધીને રહેતા. અમારી સાથે એક મેક્સીકન સરકારી અધિકારીને ખ્રિસ્તી પાદરીનો લાંબો ફૂર્તો પહેરાવીને લઈ જતા કે જેથી તે સાચી પરિસ્થિતિ કે વ્યથાની કથા જાણી શકે.

આ ડાયલોગમાં અમેરિકાથી આવેલા એક ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ શ્રી ગોલોંબ હેરીનો આગ્રહ હતો કે રાત્રે બધાંની સામૂહિક પ્રાર્થના તો થાય જ. તેમાં હિન્દુ, જૈન, બૌદ્ધ, શીખ, પારસીનું પ્રતિનિધિત્વ મારે એકલાએ જ કરવાનું હતું એટલે આ બધા ધર્મોની પ્રાર્થના તો મારે કરવાની જ, તેની સાથે સાથે ''વૈષ્ણવ જન'' પદ અચૂક ગાવું અને તેની વ્યાખ્યા પણ કરવી એવું મારા મન-હૃદયમાં હતું.

પાછળથી એકવાર અમેરિકા ગયો તે દરમિયાન આ પોલીસ અધિકારીની ઓફિસમાં જવાનું પણ થયેલું. આશ્ચર્ય સાથે જોયું કે તેમના માથાની પાછળની દીવાલની ઉપર પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીનો ખૂબ જ

મોટો અને ખૂબ સુંદર - બાપુ પ્રાર્થનામાં બેસેલા છે તેવો-ફોટો હતો. એના કરતા વધારે આશ્ચર્ય તો એ થયું કે તેમના ટેબલ ઉપર અમેરિકન ધ્વજની બંને તરફ પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધી અને નરસિંહ મહેતાના ફોટાઓ હતા. નરસિંહ મહેતા કદાચ જૂનાગઢથી માંગરોળ કે તળાજા સુધી જ ગયા હશે. એ દ્વારકા ગયા નથી, તેમની હુંડી જ દ્વારકા થઈ હતી. છતાં નરસિંહની અમરકૃતિ વૈષ્ણવ જનનું ગાન યુનેસ્કોમાં ભારતરત્ન એમ.એસ. સુબ્બુલક્ષ્મીએ અર્થ સમજાવીને કર્યું હતું.

## વૈષ્ણવ જન

આ વૈષ્ણવ જનનો વૈષ્ણવ વિષ્ણુનો ભક્ત નથી. કારણ શિવના ભક્તો શૈવ, દેવી કે શક્તિના ભક્તો શાક્ત, ગણપતિના ભક્તો ગાણપત્ય, સૂર્યના ભક્તો સૌર્યાણ કે શ્રીરામના ભક્તો રામાનંદી અને શ્રી વિષ્ણુના ભક્તો વૈષ્ણવ કહેવાય છે. પરંતુ નરસિંહનો વૈષ્ણવ તિલક-ત્રિપુંડ કે કંઠી-માળાવાળો નથી. આ વૈષ્ણવને હિન્દુ મુસ્લીમ જૈન બૌદ્ધનાં બંધન નથી. નરસિંહ માને છે કે જે શિખા સૂત્ર કે તિલક-ત્રિપુંડ સાથે જન્મે તેવો માણસ જ શું હિન્દુ કહી શકાય ?! આવું કદીયે થતું જ નથી. કારણ કોઈપણ ખ્રિસ્તી પરિવારનું સંતાન ગળામાં ક્રોસ લટકાવીને જન્મ લેતું નથી. કોઈપણ મુસ્લીમ પરિવારનું બાળક સુન્નત સાથે કે કોઈપણ શીખ બાળક હાથમાં કડું-કિરપાણ લઈને આવતું નથી, તેમ કોઈપણ સફાઈ કર્મચારીનું બાળક હાથમાં ઝાડુ લઈને જન્મ લેતું નથી. જે બાળકનો જન્મ થાય છે તે એક માનવ-બાળક તરીકે જ થાય છે. આ બધાં ''યહ સબ ઈન્સાનકી ઔલાદે હૈ'' - અતઃ ! માત્ર ઈન્સાનિયત હી ઈનકા એક માત્ર ધર્મ યા મજહબ હૈ'' તેથી જ નરસિંહને સફાઈ કરવાવાળા મિત્રોની મૈત્રી મંજૂર છે જે નિષ્પાપ છે, તે જ હરિના જન છે. તે શું કામ કરે છે, તે તો પ્રશ્ન જ નથી. તે પ્રશ્ન જ ગૌણ છે. તેવા હરિના જનને આલિંગન આપી શકાય. ધોળાં વસ્ત્રો પહેરીને છળ, કપટ, દંભના અંચળા પહેરીને ફરનારા લોકોનો સ્પર્શ થાય તો તેઓ અસ્પૃશ્ય એમ ગણીને ત્યારે નહાઈ લેવું ઉચિત છે. પ્રમાણિક સત્ય અને અહિંસાથી સભર જીવનારા સફાઈ- સેવકનાં જીવન તો વંદનીય છે.

નરસિંહનો વૈષ્ણવ ગીતાજીના બારમા અધ્યાયના ભક્તનાં લક્ષણોથી સમૃદ્ધ છે.



અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।
નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥ ૧૩ ॥

સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ ।
મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સમ મે પ્રિય : ॥ ૧૪ ॥

યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નો દ્વિજતે ચ યઃ ।
હર્ષામર્ષભયોદ્વેગૈર્મુકતો યઃ સ ચ મે પ્રિયઃ ॥ ૧૫ ॥

અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ ।
સર્વારંભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥ ૧૬ ॥

ભગવાન શ્રીકૃષ્ણ ભક્તનાં લક્ષણ વર્ણવતાં ગીતાના ૧૨મા અધ્યાયમાં ૧૩ થી ૨૦મા શ્લોક સુધી કહે છે કે, ''જે કોઈ પ્રાણી સાથે દ્વેષ કરતો નથી, સૌની સાથે મૈત્રીપૂર્ણ અને સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર કરે છે, આસક્તિ અને અભિમાનથી રહિત છે તથા ક્ષમાશીલ છે, જે સદા સંતોષી છે, ધ્યાનમાં સ્થિર બુદ્ધિવાળો છે, આત્મસંયમી છે, દૃઢ સંકલ્પવાળો છે, જેનું મન અને બુદ્ધિ સમર્પિત છે તેવો ભક્ત મને પ્રિય છે.

જે કોઈને પણ દુઃખી કરતો નથી, કોઈથી જે દુઃખી થતો નથી, જે હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી રહિત છે, જે ઈચ્છા વગરનો છે, પવિત્ર છે. કુશળ છે, પક્ષપાત રહિત છે, દુઃખોથી પણ મુક્ત છે જે સર્વારંભ પરિત્યાગી છે તે મારો ભક્ત છે.

જે હરખાઈ જતો નથી, જે ધૃણા કે શોક કરતો નથી કે જેને કોઈ કામના પણ નથી, શુભ અને અશુભ વચ્ચે અકળામણ અનુભવતો નથી અને જે ભક્તિભાવથી પૂર્ણ છે તેવો ભક્ત મને પ્રિય છે.

જે શત્રુ અને મિત્ર સાથે સમાનભાવ રાખે છે. માન અને અપમાન વચ્ચે સમદૃષ્ટિવાળો છે. શિયાળો, ઉનાળો કે સુખદુઃખનાં દ્વન્દ્વોમાં પણ સમાન છે અને આસક્તિરહિત છે, જેને નિંદા-સ્તુતિમાં કોઈ ભેદ નથી, જે મૌન ધારણ કરે છે કે વાણીનો સંયમ ધરાવે છે, જેને જે કંઈ મળે તેમાં જ સંતોષ ધરાવે છે, કોઈ એક નિશ્ચિત સ્થાન પર જેનો નિવાસ નથી, જેનું મન સ્થિર છે અને જે ભક્તિપૂર્ણ છે તેવો માનવ જ મને વહાલો છે.''

શ્રી કૃષ્ણ કહે છે કે, ''આ જે કંઈ મેં કહ્યું તે ધર્મનું અમૃત છે'' આ આઠ-શ્લોકોને આપણે 'અમૃત અષ્ટક'નું બિરુદ આપી શકીએ. નરસિંહનો વૈષ્ણવ આ ભક્તના હૃદયમાં પ્રકટરૂપે છે. નરસિંહને કોઈ દંભ, છળ કે કપટ નથી. નરસિંહ ડીપ્લોમેટ પણ નથી જ. તે સીધું જ કહે છે કે જે બીજાનાં દુઃખે દુઃખી થાય અને તેનાં કોઈનાં પણ દુઃખ જોઈને તે દુઃખમાં મદદરૂપ થવા માટે પ્રમાણિક પ્રયત્ન કરે તે યથેષ્ટ છે - તે વૈષ્ણવ છે.

## પરાઈ પીડ

વર્તમાન સમાજની એક દુષ્કર સમસ્યા આ પીડ પરાઈ છે. નરસિંહને પ૨૫ થી વધુ વર્ષો થયાં. યુગપરિવર્તન થયું છે. જીવનનાં ઉચ્ચતમ મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે, ત્યાં આ પરાઈ પીડને પોતીકી પીડ કરવાનું અને એ દૂર કરવા મથવાનું કંઈક ઉચિત હતું.

હું મારો જ દાખલો આપીશ. અમો બપોરે બાર વાગ્યે કોઈ સંત પાસે જતા હતા. રસ્તે જતાં ચાર રસ્તે ઉતાવળે જતી એક બહેન તેની સ્કૂટી ઉપરથી પડી જતી જોઈ. અમોએ અમારું વાહન ઊભું રાખ્યું. આકસ્મિક ભેગી થયેલી ભીડમાંથી કોઈએ તેનો મોબાઈલ લઈ લીધો. કોઈએ તેનું પર્સ લઈ લીધું, કોઈએ સ્કૂટી ઊભી કરીને તેની ચાવી લઈ લીધી ! પરંતુ આ રસ્તા ઉપર પડેલી બહેનને મદદ કરવાની કોઈએ લેશમાત્રેય ચેષ્ટા ન કરી. અમોએ તે બહેનને અમારી ગાડીમાં પાછલી સીટમાં સુવડાવી. તેનું પર્સ, મોબાઈલ, સ્કુટીની ચાવી પણ મેળવી લીધી. સ્કૂટીને એક તરફ ઊભું કર્યું. પછી તેના ઘરનો નંબર પૂછીને અને તેના પતિને જાણ કરીને નિકટની ચેરિટેબલ હૉસ્પિટલે આવી જવાનું કહ્યું. બહેનનો પગ ઘૂંટીમાંથી ઘવાયો હતો. રસ્તે તે કણસતી હતી. તેને પૂછયું, ''તું આમ હાંફળી-ફાંફળી ગાડી કેમ ચલાવે છે ?'' તેણે કહ્યું, ''મને બેન્કમાં જવાનું મોડું થઈ ગયું હતું. હું અમુક બેન્કમાં નોકરી કરું છું વગેરે કહ્યું.''

હૉસ્પિટલમાં તેમના પતિ, માતા-પિતા પડોશી બધાં જ ભેગાં થઈ ગયાં હતા. બધાંના મોઢામાં એક જ વાત હતી. ''અરે ! એ તો સ્વામીજી હતા, એટલે તે સાચવીને તેને અહીં લઈ આવ્યા. અરે ! નહિ તો કોઈ પાકીટ પણ મારી જતો અને વળી મોબાઈલ પણ જતો રહેત વગેરે વગેરે વાતો ચાલી ! તેને દાખલ કરવામાં આવી. તે બહેનના પતિએ રૂા.૪૫ ભરીને કેસ



કઢાવ્યો. ત્રણ હજાર રૂપિયા એડવાન્સમાં ભર્યા. પછી તેમના પતિને તે બહેન જ્યાં પડી હતી તે સ્થળ દેખાડ્યું. તે પતિ દેવતા અને તેમના પડોસી પેલું સ્કૂટી લઈને ઘેર ગયા. વાત થાળે પડી, અમો કોઈ સંતને મળવા જતા હતા તેને બદલે આમ બન્યું.

આ 'પીડ પરાઈ'ની ખરી વાત તો હવે જ આવે છે.

દશેક દિવસ પછી હૉસ્પિટલના એક ડૉકટરનો અમારા આશ્રમમાં ફોન આવ્યો કે, ''તમારા ડ્રાઈવરને અમારી હૉસ્પિટલમાં મોકલજો. પેલાં બહેનને વાગ્યું છે તેનો ખર્ચો ૩૦,૦૦૦/- રૂપિયા થયો છે તે ભરી જાય અને જો નહીં આવે તો અમારે તેની સામે પોલીસ કેસ કરવો પડશે !'' રસ્તામાં કોઈ ઉતાવળે જતાં પડ્યું હોય, ભરબપોરે તડકામાં તમો 'પીડ પરાઈ જાણી'ને તેને હૉસ્પિટલ પહોંચાડીએ, ત્યાં બધાં આપણો આભાર માને અને હૉસ્પિટલમાં સારું થઈ ગયા પછી, પહેલાં ડૉકટર, પછી હૉસ્પિટલના ટ્રસ્ટીઓ તેમનાં પેમેન્ટ માટે આશ્રમ પાસે ઉઘરાણું કરે, આ તે ક્યાંનો ન્યાય ?! કારણ કે તેમનું કહેવાનું એમ થયું કે, 'સ્વામીજી લઈને આવ્યા હતા એટલે તેમનો આશ્રમ પૈસા ભરશે.' જે બહેન બેન્કની એમ્પલોઈ છે, જે પોતાના પતિ સાથે પંદર દિવસ પછી ઓસ્ટ્રેલિયા જવાનાં છે, તેમના પ્રત્યે આશ્રમે આવી ૩૫,૦૦૦/- રૂપિયાની ખેરાત કરવાની કંઈ આવશ્યકતા ખરી ? અને આવું થયા પછી કોઈને 'પીડ પરાઈ કરવાનું - જાણવા'નું મન ફરીથી થાય ખરું ?

શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજે ૩૦૦ પુસ્તકો લખ્યાં છે. તેનો સાર છ શબ્દોમાં આપ્યો છે : સેવા, પ્રેમ, દાન, પવિત્રતા, ધ્યાન અને આત્મસાક્ષાત્કાર. ગુરુદેવ સ્વામી શિવાનંદજીની સેવાઓ એટલી બધી વિસ્તૃત હતી કે લોકો તેમને શિવાનંદના નામે ઓછું પણ ''સેવાનંદ''ના નામે ઓળખતા. લોકો તેમની ઉદારતાને કારણે તેમને SEVANANDAના નામે ઓળખતા. તેમનું કહેવાનું હતું, 'સેવા કરો - જેમને આવશ્યકતા છે તેમની સેવા કરો અને જો તે તમને લાત મારે તો પણ સેવા કરો' ચિત્રભાનુજીનું પદ છે ને ?

*માર્ગ ભૂલેલા જીવન- પથિકને માર્ગ ચિંધવા ઊભો રહું.*
*કરે ઊપેક્ષા જો તે મારગની તો પણ સમતા ચિત્ત ધરું.*

ફરીથી પણ રસ્તામાં કોઈ પડ્યું હશે તો અમો તેને નિકટની હૉસ્પિટલે અવશ્ય

પહોંચાડીશું. પરંતુ ત્યાં સ્પષ્ટ કહીશું કે, ''રસ્તે રઝળતી આ વાર્તા છે'' તેની સાથે એક માત્ર માનવતા સિવાય અમારે બીજો કંઈ સંબંધ નથી અને જો ખરેખર તે વ્યક્તિ નિર્ધન હોય, ગરીબ હોય, ખાવા-પીવાનાં ફાંફાં હોય તો તેનાં બધાં જ મેડીકલ બીલ્સ ચૂકવવાનો પ્રશ્ન કંઈ મુશ્કેલ નથી. પરંતુ સ્વાર્થ અને દંભની વચ્ચે ધોળાં-ધોયેલાં વસ્ત્રો પહેરીને ફરતા પોતાની જાતને ઉજળી કોમ કહેવાતા લોકોને માટે નરસિંહનું વૈષ્ણવ જન ભજન ખરા અર્થમાં એક જીવનપથદર્શક બની રહે છે.

## પરોપકાર

આપણી ધર્મવ્યવસ્થા બહુ જ સંતુલિત હતી. મુસલમાન મિત્રોને માટે નમાઝ, રોજ, ફીત્ર, જકાત અને હજ આવશ્યક માનવામાં આવે છે. હજ તો બધાંને પરવડે કે કેમ ? પરંતુ પોતાની કમાણીમાંથી રૂપિયે અઢી આના જકાત અને ફીત્રના રૂપમાં કોમની સહાયતા માટે આપવાનું તો ખૂબ જ આવશ્યક મનાય છે. એક ઈદ હોય છે ઈદ-ઉલ-ઝુઆ, તો બીજી ઈદ હોય છે ઈદ-ઉલ- ફીત્ર. આ ઈદ રોજાને અંતે રમજાન મહીનો પૂરો થયા પછી આવે છે. તે દિવસે આ ફીત્ર કે જકાતરૂપે પોતાની મસ્જીદના મૌલાના અથવા તો ''અંજુમને ઈસ્લામ''ના પ્રમુખને આ પૈસા આપવાના હોય છે. આ પૈસાને જમાત આવશ્યકતાવાળા મોમીન લોકોને આપે છે. ઈદની નમાજ તો પ્રત્યેક મુસલમાન હોંશે હોંશે અદા કરે છે. આ નમાજનો નિયમ છે કે કમરની નીચેનું વસ્ત્ર ઘૂંટણ ન દેખાય તેટલું નીચું, કમરની ઉપરનું વસ્ત્ર કોણી ખુલ્લી ન દેખાય તેટલી લાંબી બાંયનું હોવું જોઈએ અને માથું ખુલ્લું કે ઉઘાડું ન જ રખાય. કોમ સમાજમાં રહેલા ખુદાના અનેક બંદાઓ કે જેમની પાસે પૂરતાં આવશ્યક વસ્ત્રો નથી તેમના માટે વસ્ત્રોની વ્યવસ્થા કરે છે. ઈદની સેવૈયાં તો બધાંનાં ઘરમાં થવી જ જોઈએ ને ? તે માટે પણ જમાત નિમ્નસ્તરીય પરિવારોની ખીદમતમાં સેવૈયાંની વ્યવસ્થા કરે છે.

આવી જ રીતે આપણાં પર્વોમાં પણ વ્યવસ્થિત વ્યવસ્થા હતી. દિવાળી-બેસતાં વર્ષે મંદિરોમાં અન્નકૂટ થાય ત્યારે લોકો પોતપોતાના મોહલ્લાનાં મંદિરોમાં તૈયાર કરેલી મીઠાઈ - ફરસાણ કે પાકી રસોઈ પહોંચાડે એવો રિવાજ હતો. તેની પાછળ એનો પ્રસાદ જરૂરતવાળાંને પહોંચાડવામાં આવે એવો જ હતો.



મંદિરના પૂજારી એક એવું વ્યક્તિત્વ છે કે જેની પાસે નાનાં મોટાં સૌ પોતપોતાનું હૃદય એક કે બીજાં કારણે ખોલતાં જ હોય છે અને તેથી પોતાના મહોલ્લામાં કોણ ભૂખ્યું છે, કોણ ઉઘાડું છે, તેની ભાળ પૂજારીને હોય છે જ. તેથી પ્રભુના પ્રસાદરૂપે દિવાળી-બેસતાં વર્ષે જરૂરતવાળાં જે-તે પરિવારોને મિષ્ટાન્ન-ફરસાણ પહોંચાડવાની પૂજારીની જુમ્મેદારી રહેતી હતી. મકર સંક્રાતિના પર્વે પણ આવી જ રીતે વસ્ત્રોનાં દાન કે અક્ષય તૃતીયા પ્રસંગે કુંભમાં ધાન(ચોખા) ભરીને દાન આપવાની પ્રથા હતી.

જે દાન આપે છે, તેને ખબર નથી કે કોણ દાન લે છે અને જે દાન લે છે તેને પણ ખબર નથી કે, કોણ દાન આપે છે. આમ ક્યાંય માનહાનિ કે સ્વમાનભંગનો પ્રશ્ન જ ઊભો થતો ન હતો અને સમાજમાં સંતુલન જળવાતું હતું. પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે ! આ પંક્તિ આપણી આંખોને નવી જીવનદૃષ્ટિ આપે છે.

અહીં આપણી સમક્ષ બે જીવન-કર્તવ્ય છે. એક દાન અને બીજું સેવા. જ્યારે આપણે ઈતરજનો પ્રત્યે સદ્ભાવના કે પ્રેમથી, શ્રદ્ધાથી લાગણીથી પ્રેરાઈને તેમનું કંઈક હિત કરીએ છીએ તે દાન છે. અને એ રીતે દાનનો અર્થ વિશ્વબંધુત્વ છે. જડ, ચેતન, જગજીવ બધાંની સાથે કે બધાં જ પ્રત્યે સદ્ભાવના. ત્યાં માત્ર તે નિમ્ન સ્તરીય છે, ગરીબ છે કે આવશ્યકતાવાળો છે તેવો પ્રશ્ન નથી, 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના છે. આ પરોપકાર છે. જાણ્યાં-અજાણ્યાં કોઈને પણ મદદરૂપ થવું તેને જ સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ દિવ્ય જીવન કહે છે. નરસિંહ મહેતા તેમને જ વૈષ્ણવ જન કહે છે. શિવાનંદજીનું એક દિવ્યસૂત્ર છે : ''સ્પેન્ડ, સ્પેન્ડ, સ્પેન્ડ...હી વિલ સેન્ડ, સેન્ડ, સેન્ડ...''

દાન એ ધર્મ નથી, કર્તવ્ય છે અથવા તો અત્રે આપણું કર્તવ્ય જ આપણો ધર્મ છે એમ પણ કહી શકાય, ''પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે...''માં બદલાની ભાવના નથી. વળતર મેળવવાનું નથી. લાલચ કે લોભનો પણ પ્રશ્ન નથી - અહીં હાર્દિક વિશાળતા અને સમગ્ર વિશ્વ એ મારું જ પ્રતિબિંબ છે. ''વિશ્વદર્પણ દશ્યમાન નગરી'' એવું આદિ શંકરાચાર્યજી કહે છે. આ વિશ્વ એક દર્પણ છે. જે દેખાય છે તે આપણું જ પ્રતિબિંબ છે, પછી અહીં મારું-તારું, પોતાનું-પારકું, તેવા ભેદ નહીં રહે. ''દ્વન્દ્વાતીતં ત્રિગુણ

રહિતં તત્ત્વમસ્યાદિ લક્ષ્યં'' આપણી અવસ્થા સાધારણ માનવીમાં ન રહે. આપણે દ્વન્દ્વથી પૃથક રહીએ અને જ્યાં રાગદ્વેષ નથી, કામક્રોધ નથી અને હું કે તું પણ નથી ત્યાં ઉપનિષદ કે વેદનાં મહાવાકયો **'અહં બ્રહ્મ અસ્મિ.. તત્ ત્વમ્ અસિ'**ની ક્રમશઃ જીવનસાર્થકતાનો અધિકાર આ જીવનસાધના આપે છે. 'વૈષ્ણવ જન'માં પરોપકાર એ તેનો પહેલો પર્યાય થઈને રહે. સંત તુલસી તેને કહે છે...'પરહિત સરિસ ધરમ નહીં ભાઈ'...અને વેદવ્યાસજીનું મંતવ્ય ''અષ્ટાદશપુરાણેષુ વ્યાસસ્ય વચન દ્વયમ્, પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્'' એ વાક્યમાં વેદવ્યાસજી કહે છે કે મારાં કથિત-લિખિત અઢાર પુરાણોનું રહસ્ય બે શબ્દોમાં જ કહી શકાય. પહેલું પરોપકાર એટલે જ પુણ્ય અને બીજું પરપીડન, બીજાંને કષ્ટ આપવું, તે પાપ.

સુભાષિતમ્ કહે છે.... પરોપકાર માટે જ વૃક્ષો ઊભાં છે. પરોપકાર માટે જ નદીઓ વહે છે. પરોપકાર માટે જ સૂર્ય તપે છે અને પરોપકાર જ વૈષ્ણવ જનનો પ્રથમ અને આવશ્યક ગુણ છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના અઢારમા અધ્યાયના પાંચમા શ્લોકમાં શ્રીકૃષ્ણ માનવ જીવનનું સાર્થક્ય જ યજ્ઞ, દાન, તપ અને કર્મમાં છે એમ કહે છે. સમગ્ર વિશ્વ એ આપણો વિશાળ પરિવાર છે. દાન એટલે વિશ્વપ્રેમ. મુસલમાન મિત્રોની માફક જ હિન્દુ પરંપરા ''દેવના દશમા ભાગ''માં માને છે. આપણી આવકનો દશમો ભાગ દાન કરો. સેવાર્થે-પરમાર્થે વાપરો. શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા...''પ્રાર્થના તમને ઈશ્વરના માર્ગે અડધે સુધી લઈ જશે. ઉપવાસ તેના પરમધામના દ્વાર સુધી લઈ જશે, પણ દાનથી તો તમને ઈશ્વરના ભવનમાં પ્રવેશ મળશે.''

દાનનો અર્થ રૂપિયા-પૈસા આપવા તે જ નથી. જૈન મતાવલંબી કહે છે કે, કોઈ સત્કૃત્ય થાય તે માટેની શુભેચ્છા અનુમોદના પણ દાન જ છે. પક્ષીઓને દાણા-ચણ અને પાણી આપવું કે પશુઓ માટે પાણીની કુંડી કે અવાડો બાંધવો, રસ્તે આવતા-જતા લોકોને વિશ્રાંતિ મળે તે માટે છાયાદાર વૃક્ષોની ચોપાસ બેસવા માટે ચબુતરો ફરતી પરસાળ કે ઓટલો બાંધવો તે પણ દાન જ છે. આપણા પ્રેમી એક સંત પૂજ્ય સ્વામી ગુરુકૃપાનંદજી મહારાજને ૨૫૦ વીઘાં જમીન હતી. તેમણે તે જમીન દીકરાઓને સરખે ભાગે વહેંચી તેમાંથી પાંચ-સાત વીઘાં પોતાને માટે રાખી. દર વર્ષે બે વાર તેમાં ગાયોને



માટે ચારો ઉગાડે છે. આખુંયે ખેતર ઊભા પાકથી લહેરાય ત્યારે અડોશ-પડોશનાં ગામોની ગાયોને નિમંત્રે. સેંકડો ગાયો અઠવાડિયું - દશ દિવસ સુધી સવારથી સાંજ સુધી આ ઊભો પાક ખાઈને તૃપ્ત થાય. કીડીઓ માટે કીડિયારું પૂરવું. કૂતરાંને ત્યાં ગલૂડિયાં થયાં હોય તેને દૂધ પાવું તે પણ દાન છે. રાજકોટમાં એક 'કિતાબઘર' નામની સંસ્થાના જયંતિલાલ શાહ જૈન વણિક શ્રાવક છે. 'જલસા'ના હુલામણા નામે તેઓ ઓળખાય છે. મ્યુનિસિપાલિટી રખડતાં કૂતરાંઓને પકડે...અને ટ્રક ભરાય ત્યારે દૂર મૂકી આવે. પરંતુ ટ્રક ન ભરાય ત્યાં સુધી આ જલસા તેમને રોટલા ખવડાવે. વર્ષોવર્ષ એક જ સરખો વરસાદ પડે તેવું જરૂરી નથી. ઓછો વરસાદ હોય ત્યારે રાજકોટના આજી ડેમના માછલાંઓને લોટની ગોળીઓ ખવડાવે. જામનગરના લાખોટા તળાવમાં શિયાળા વખતે હજારો પક્ષીઓ પરદેશથી આવે છે. જામનગરના સેવાભાવી અને પક્ષીપ્રેમી નાગરિકો આ પક્ષીઓ-ફ્લેમીંગોને દરરોજ ૧૦૦ થી ૧૫૦ ટન ગાંઠિયા ખવડાવે છે. અમદાવાદના સુપ્રસિદ્ધ રામદેવ મસાલાના માલિક તેમના બંગલાના વિશાળ બગીચામાં દરરોજ ૫૦ કિલો ચણ પક્ષીઓને નાખે છે - અહીં નાખ્યા કરતાં વધારે પક્ષી ચણવા આવે છે તેમ કહેવું વધારે ઉચિત થશે. કારણ કે તેમની આ ચણમાં મગફળી, મકાઈ, જુવાર, બાજરી, મગ, મઠ અને રાઈ પણ હોય છે. અલગ અલગ પક્ષીઓ અને ખિસકોલાંઓની અલગ અલગ પસંદ હોય છે. અમોએ આશ્રમમાં આવતા-જતા તમામ વિશિષ્ટ મહેમાનોને બોરસલીના છોડ આપવાની પ્રથા રાખી છે. આશ્રમમાં અને દુનિયાભરમાં ઠેકઠેકાણે બોરસલી, પીપળા, વડ, અંજીર, કેરી, આંબળાં, સફરજન, જરદાળુ (એપ્રીકોટ) ચેરી, લીમડા, ગુલમહોરનાં એક કરોડથી વધુ વૃક્ષો રોપ્યાં છે, ઉછેર્યાં છે. એક વૃક્ષ અગણિત પક્ષીઓનું આશ્રયસ્થાન, અન્નક્ષેત્ર, ધર્મશાળા સમાન હોય છે. હેતુ પરોપકાર કરવાનો નથી - હેતુ સ્વધર્મ પાલન કરવાનો છે. જ્યાં જઈએ ત્યાં રક્તદાન, શિબિરોનાં આયોજનો કરીએ છીએ. જાતે પણ ૧૧૭ વખત રક્તદાન કરીને ધન્યતા કૃતાર્થતાનો અનુભવ કર્યો છે. સંન્યસ્ત જીવનમાં જે અન્ન ભિક્ષામાં મળે છે તે સમાજ આપે છે. તે સમાજના અન્નમાંથી ઉપજેલ લોહી પાછું સમાજને જ મળે તેમાં આપણે વળી શું વિશેષ કર્યું ?

અમો ઉત્તરકાશીના ભૂકંપ સમયે સેવાર્થે ગઢવાલના પહાડી પ્રદેશોમાં ગયા હતા. ત્યાં અમારા મોટા સ્વામીજીએ બે ટન 'બીડી' મોકલાવી હતી ! ગઢવાલી પરિવાર વગર જીવી શકે છે, બીડી વગર નહીં. આ સંતો જે વિચરણ કરે છે, તેમાં તેમનો અંગત સ્વાર્થ કંઈ હોતો નથી. એકમાત્ર લોકસંગ્રહ - માનવજીવન અહિંસા, સત્ય અને ધર્મને માર્ગે ચાલે તે માટે જ પ્રચાર અને પ્રસારનો હેતુ હોય છે અને છતાં સંતો વિનમ્ર થઈને પોતાને પ્રભુના દાસ કહેવડાવીને કર્મશીલ બની રહે છે. તેમાં જ તેમનું વૈષ્ણવત્વ પ્રકટ થાય છે.

આપણે ભૂખ્યાંને જમાડીએ તે આવશ્યક છે. ઉઘાડાંને ઢાંકીએ તે પણ તેટલું જ જરૂરી છે. માંદાની માવજત કરીએ તે ઉત્તમ છે. પરંતુ વિદ્યાદાન અને જ્ઞાનદાન તો સર્વોત્તમ દાન છે. દાન આપતી વખતે ''આને દાન આપવું ? શા માટે ?'' એવો વિચાર ન કરવો જોઈએ. જેણે લેવા માટે હાથ લાંબો કર્યો તેને દાન આપવું જ; પરંતુ દાન આપીને તેના આંકડા મૂકવા, હિસાબ કરવા કે તકતીઓ મૂકાવવાથી તે દાન દાન નથી રહેતું, પરંતુ તે તો તમારી કહેવાતી ઉદારતાનું પ્રદર્શન છે. પોતાના જમણા હાથે કરેલા દાનની ડાબા હાથને ખબર ન પડે તે જ શ્રેષ્ઠ દાન છે. દાન કર્યા પછી દાન કર્યું છે માટે મારું બહુમાન થવું જોઈએ તેવી ભાવના પણ ન રાખવી જોઈએ. દાન આપવાથી મોક્ષ મળશે - સ્વર્ગ મળશે - ધનનું શુદ્ધીકરણ થશે વગેરે ભાવનાઓને પણ દાન આપ્યા પછી મનમાં વાગોળવી જોઈએ નહીં.

વેદોમાં કથા છે - પ્રજાપતિને દેવો, દાનવો અને માનવો મળવા ગયેલા. તેમણે પ્રજાપતિને સુખ, શાંતિ અને સમૃદ્ધિનો માર્ગ શું ? તેમ પૂછતાં, પ્રજાપતિ બોલ્યા, 'દ-દ-દ' દેવતાઓએ એનો અર્થ કર્યો. અમે સુખ સાહેબીમાં સહેલાણી જ છીએ, અમારે આત્મસંયમની આવશ્યકતા છે એમ વિચારીને તેમણે 'દ'નો અર્થ દમન - ઈન્દ્રિય દમન, નિગ્રહ એવો કર્યો. દાનવોએ અનુભવ્યું કે, અમો ક્રૂર છીએ તેથી અમારે 'દ' એટલે હૃદયમાં દયા રાખવી જોઈએ. મનુષ્યોને સમજાયું કે અમો સ્વાર્થી છીએ, લોભી પણ છીએ તેથી તેમણે 'દ' નો અર્થ દાન કર્યો. આમ આ ત્રણેય અર્થ સાચા છે અને પ્રત્યેકને માટે યથેષ્ટ છે.

શ્રીમદ્ ભાગવતજીમાં દાની રંતીદેવનું દિવ્ય ઉદાહરણ છે. કર્ણ પણ દાની કહેવાય છે. યુધિષ્ઠિર તો મહારાજા હતા. પાંડવોમાં જયેષ્ઠ ભ્રાતા



હતા. પરંતુ તેનું ભારતમાં જ ક્યાંય મંદિર કે સ્મારક નથી. તેમણે પોતાની પત્નીને જુગારમાં દાવ પર લગાવી હતી અને દુર્ભાગ્યે હારી ગયા હતા. જ્યારે સંતોની ભૂમિ સૌરાષ્ટ્રમાં વીરપુર ખાતે સંત જલારામ બાપાએ પોતાની પત્ની સાધુ સેવા માટે, સાધુના માગવાથી, પત્નીની અનુમતિથી સાધુને દાનમાં આપી હતી તે કંઈ નાનીસુની વાત નથી. તેથી જલારામ બાપાનાં મંદિર લંડન, અમેરિકા કે આફ્રિકા દેશોમાં પણ છે. આ બધો પ્રતાપ 'પીડ પરાઈ જાણે રે...'નો જ છે. સેવા પરોપકાર અને ઉદારતાનો જ પ્રતાપ છે.

સમયનું દાન આપી શકાય. ઉપસ્થિતિનું દાન આપી શકાય. ધનનું દાન, સન્માનનું દાન, પ્રેમનું દાન, સદ્ભાવનાનું દાન આપી શકાય. પ્રત્યેક દાન એ સેવા જ છે અને પ્રત્યેક સેવા પણ દાન જ છે.

માનવી માત્રની સેવા - નિષ્કામ સેવા એ ખરા અર્થમાં 'પીડ પરાઈ જાણે રે'નું મૂર્ત સ્વરૂપ છે. જીવનની પળેપળ સ્વાર્થત્યાગ માટે વપરાય, ત્યાં જ 'પીડ પરાઈ જાણે રે'નું ખરું વૈષ્ણવત્વ છે.

માનવ સેવા એ જ માધવ સેવા છે.

ભાવનગરમાં શિશુવિહાર નામની સંસ્થા છે. તેના સંસ્થાપક પૂજ્ય માનભાઈ ભટ્ટ હતા. તેઓ કહેતા, 'જ્યાં સુધી શ્વાસ ચાલે ત્યાં સુધી શરીર પાસે ગધેડા જેટલું કામ લેવું.' તેમને કૅન્સર થયું છે, તબીયત નંખાઈ ગઈ છે, છેલ્લા સ્ટેજમાં છે તેવા સમાચાર મળ્યા તો અમે તેમને મળવા ગયા. તેમની પથારી ખાલી હતી. તેમનાં ધર્મપત્ની શ્રીમતી હીરાબેન ભટ્ટને પૂછયું, 'ભાઈ ક્યાં ?' જવાબ મળ્યો. 'ઑફિસમાં' ત્યાં જઈને એમને મળ્યા તો માનભાઈ કહે કે, પ્રોસ્ટેટને કૅન્સર છે. હાથ પગને અને મનને નથી. તેથી ત્રણેય પાસે પૂરું કામ લેવું.' આ સાચા વૈષ્ણવ જનનું દર્શન છે.

અમારા બાપુજી પૂજય ડૉ. શિવાનંદ અધ્વર્યુજી (સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી મહારાજ) ૯૪ વર્ષ સુધી જીવ્યા. આંખોના ડૉકટર હતા. તેમણે તેમના જીવનમાં સાડાચાર લાખ આંખોનાં ઑપરેશન નિઃશુલ્ક કર્યાં હશે. ગુજરાતમાં, બિહારમાં, ચંપારણ્ય સુધી અને ગઢવાલમાં છેક ગંગોત્રી કે કેદારનાથ સુધી અથવા તો આર્મીની વ્યવસ્થામાં લેહ, લડાખ, કારગીલ, પૂંચ સુધી તેઓ પોતાની મોબાઈલ ઑપરેશન વાન સાથે ફરતા. પરંતુ છેલ્લાં ચાર વર્ષ તેમની દૃષ્ટિની નસ સુકાઈ ગઈ હતી. તેમનું ઑપરેશન કરવાનું

બંધ થયું હતું. તેઓ જોઈ શકતા નહોતા. પરંતુ મદદનીશ પાસે બધા પત્રો સાંભળતા, પત્રોના જવાબ લખાવતા, વોર્ડમાં આંટો મારતા, સત્સંગ કરતા-કરાવતા. આકાશવાણી-દૂરદર્શનમાં વાર્તાલાપો આપતા. શિવાનંદ આશ્રમ હૃષીકેશમાં છેવટની ઘડી સુધી જાતે ચાલીને હૉસ્પિટલમાં ગયા. ત્યાં પહોંચ્યા પછી પાંચ મિનિટમાં જ એમનું હાર્ટફેઈલ થયું. જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમણે સેવા કરી. ''વૈષ્ણવ જન'' એટલે પરિક્રમ્મા કે ભાઈબીજનું સ્નાન અને મનોરથમાં ગુલાબનાં ફૂલના હિંડોળા કરવા માત્ર જ માત્ર નથી. ખરું વૈષ્ણવજનત્વ તો 'પીડ પરાઈ જાણે રે - પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે'માં જ સાર્થક થાય છે.

## અભિમાન ત્યાગો-સેવા કરો

સેવાથી જ હૃદયશુદ્ધિ થાય છે. સ્વાર્થવૃત્તિઓનો નાશ થાય છે. હૃદય વિશાળ બને છે; પરપીડાર્થે સેવાવૃત્તિ આત્મસાત્ થાય છે.

'મને સેવા કરવાની તક મળે તો હું એ તકને ખોતો નથી' તેમ કહેવાનું અયોગ્ય નથી તેમ યોગ્ય પણ નથી જ. સેવાની તક ઝડપી લેવી જોઈએ. સેવા માટે 'મને નિમંત્રણ નથી' તેમ કહીએ તો તે દંભ છે. સેવાના નામે પ્રવંચના છે, છળ છે.

અમે નાના હતા. નવમા-દશમા ધોરણમાં ભણતા હતા ત્યારે મ્યુનિસિપાલિટીના સેવા-સફાઈ કામદારોએ હડતાળ પાડેલી. હોમગાર્ડના ભાઈઓ કચરા અને મેલાંની ટ્રક લઈને આવતા. અમોએ એક અઠવાડિયા સુધી અમારા સમગ્ર મહોલ્લાની સફાઈ કરી હતી. ત્યારે ફ્લશ સીસ્ટમ ન હતી. ગટરો ખુલ્લી હતી. જાજરૂ ડબા-જાજરૂ હતાં. તેથી તે ડબા ખભે ઊપાડીને 'જાજરૂ સફાઈ સેવાનું અભિયાન' અમે કરેલું. આજે પચાસ વર્ષે પણ તે સેવાના આનંદને વાગોળવાનો પણ આનંદ માણીએ છીએ ને ?

ગુરુદ્વારાઓની બહાર શીખ પરિવારની બહેનો અને ભાઈઓ જોડા સાચવવાની સેવા કરે છે. તેઓ જોડા કે ચંપલ ફાટ્યાં-તૂટ્યાં હોય તો સીવી આપે. પૉલીશ કરી આપે. સવારે ત્રણ વાગ્યે, ચાર વાગ્યે આવતા-જતાં ભક્તોને ચા, દૂધ, પરોઠાં, બ્રેડનો નાસ્તો પણ કરાવે. શ્રી હર મંદિર સાહેબની આખીયે પરિક્રમા દૂધથી ધોવે. પોતાની સારી-સારી સાડીઓથી પોતાં કરે. ભક્તિભાવથી આ સેવા કરવા માટે પણ જો હૃદયમાં પાનખર હોય, ઉદાસીનતા હોય તો સેવાની મહેંક આવતી નથી.



સેવામાં ઉમળકો હોવો જોઈએ. સુસ્તીથી કરેલી સેવા બોજ બને છે, તે સેવા લેનારને સેવા મેળવવાનું સુખ નથી મળતું. ઘૃણા મળે છે. વૈમનસ્ય ઉત્પન્ન થાય છે કે, ''સેવા લેનારને સેવા મેળવનાર માટે તે સેવા બોજ ન બનવી જોઈએ.'' સેવા જેને માટે કરીએ, તેમની પાસેથી કંઈક વળતરની આશા નહીં રાખવી જોઈએ. જ્યારે ઈશ્વર સર્વત્ર રહેલો છે એવી ભાવના હોય તો જ સેવા સાર્થક થાય. માટે સેવામાં જડતા રાખ્યા વગર આત્મભાવપૂર્વક નિઃસ્વાર્થી થવાય તો અનાસક્તિ ઉપજે, ત્યારે જ સાચા વૈષ્ણવ જનનું દર્શન સમાહિત થાય છે.

સેવા એ જ પ્રાર્થના છે. ભગવાન ભાષ્યકાર આદિ શંકરાચાર્યજી તેમના ''ઉપદેશપંચકમ્''માં કહે છે, ''વેદોનું અધ્યયન કરો. વેદોમાં આદેશ છે તે પ્રમાણે તમારી ઉપર જે કામની જવાબદારી છે તેને સારી રીતે કરો. તે કરવાથી જ તમારી ભગવાનની સેવા પૂરી થાય છે તેવા ભાવથી સેવા કરો. પરંતુ આ સેવા કરીને તેનાં ફળની આશા રાખવાની નથી. મન અભિમાન ન આણે રે. આ અભિમાન નામનો પથ્થર છાતીએ બાંધીને સેવાર્થે પ્રયત્ન કરવાથી સેવાના પાણીમાં તરી શકાય નહીં, ડૂબી જ જવાય. માટે જ ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહે છે કે, ''અભિમાન ત્યાગો નારાયણ નારાયણ. સંન્યાસી અભિમાન ત્યાગે. આપણે હું પુરુષ, તમે સ્ત્રી, અમે બ્રાહ્મણ તમે શુદ્ર, અમે ભણેલા, તમે અભણ, અમે ઊંચ, તમે નીચ, અમો ડૉકટર, કલેકટર, પોલીસ, અધિકારી, વકીલ કે તલાટીનો જે મિથ્યાત્વ અહંકાર છે તેનો તો ત્યાગ કરવો જ પડે.''

કર્ણાટકના સંત સર્વજ્ઞ કહે છે કે, ''દેહનું દમન કરવું પડશે. અંતઃકરણનું ખંડન કરવું પડશે. શું પ્રભુના બારણે પ્રવેશ કરવાનું કામ કોઈ એકલી અબળાનો હાથ પકડવા જેટલું સહેલું છે ?''

ઈશ્વર જ સર્વત્ર રહેલો છે. એ ભાવ જ્યાં સુધી હૃદયમાં ન જાગે ત્યાં સુધી વૈતરું જ થશે. રેલવે સ્ટેશન ઉપર કૂલી લોકો કેટલી મજૂરી કરે છે ? ધોબી કેટલાં મોટાં પોટલાં ઊંચકે છે ? નદી કિનારે ધુએ છે ? દાણા બજારના હમાલોની મજૂરી તો સૌથી વધુ કપરી છે. અમારાં હરિદ્વાર, મથુરા, વૃન્દાવન, અયોધ્યા વગેરેમાં ત્રણ પૈડાંવાળી સાઈકલ રીક્ષાઓમાં પેસેન્જર બેસાડીને હાંકવાનું સહેલું નથી. મેં કટકમાં ખાલી રીક્ષા ચલાવી જોઈ છે. દશ ફુટ જઈને જ થાકી જવાયું

હતું. બાકી ભલભલા તો એક પેડલ પણ ન મારી શકે. પરંતુ આ બધાંને આપણે પૈસા ગણી ગણીને તોલજોખ કરીને દશ રૂપિયા માગે ત્યાં પાંચથી શરૂ કરીને કકળાટ કર્યા પછી અંતે સાત રૂપિયામાં સોદો પતાવીએ છીએ. પરંતુ સત્યનારાયણની કથાવાળા પંડિતજીને દક્ષિણા એકસો એકાવન, ધોતી, કૂર્તો, અંગૂછો અને ઉપરથી થાળી ભરીને લોટ,ચોખા, દાળ, શાક, ઘી ભરેલી વાટકીઓવાળી થાળી પણ સીધુ-સામગ્રીના રૂપમાં આપીએ છીએ અને મોટા સંતોની પધરામણી થાય તો લોકો દશ હજારથી લાખ રૂપિયા જેવી દક્ષિણા આપતા હોય છે. આ મહાત્માએ ભલા શું મજૂરી કરી ? મજૂરની મજૂરી સ્વાર્થપરક છે. મહેનત પોતાનું અને પોતાના પરિવારનું પેટિયું રળવા માટે છે. સંતોને મળેલ હજાર કે લાખ સંતોને મન બધું જ ધૂળ ને રાખ છે. કામિની અને કાંચન બંનેથી સંત પૃથક્ છે. એક દિન હાથી, એક દિન ઘોડા, એક દિન હાઠમ હાઠી, એક દિન લાડુ, એક દિન બાટી, એક દિન ફાકમ ફાકી, એક દિન કંબલ, એક દિન અંબર કભી દિગંબર ! મન મસ્ત રહેના...હર હાલમેં અલમસ્ત, સચ્ચિદાનંદ હું. કારણ તેનું મન જીવન ઉપભોગ માટે નથી. જીવન ઉપયોગ માટે છે. ભોગમાં દુઃખ છે, અશાંતિ છે, કામના છે, વાસના છે, ક્લેશ અને કલહ છે. યોગમાં સુખ, સુલેહ, શાંતિ અને પરમાનંદ છે. નરસિંહનો વૈષ્ણવ ભોગનો જોગી નથી. ભોગનો ત્યાગી છે. વૈષ્ણવ બદ્ધ નથી, વૈષ્ણવ તો મુક્ત છે. તે કર્મ કે ભક્તિ અથવા જ્ઞાનની ત્રિવેણીમાં વહેંચાયેલો નથી. તે કર્મ, ભક્તિ અને જ્ઞાનનો સંગમ છે. તેનો યોગ સમન્વય યોગ છે.

### સરળતા

તેથી જ વૈષ્ણવનું જીવન સરળ છે, સહજ છે, વિવેકપૂર્ણ છે, વિચારશીલ છે. સર્વત્ર બ્રહ્મની અનુભૂતિજન્ય જીવન છે. 'સકળ લોકમાં સહુને વંદે'એ વૈષ્ણવનો વિશિષ્ટ પર્યાય છે. શિવ બ્રહ્મેન્દ્રની અનુભૂતિજન્ય એક રચના છે...''સર્વમ્ બ્રહ્મમયં રે રે...સર્વમ્ બ્રહ્મમયં. કિમ્ રચનીયં કિમ્ વચનીયં સર્વમ્ બ્રહ્મમયં...'' સ્વામી શિવાનંદજી મહારાજ આ પદનો વિસ્તાર કરીને ગાતા. લડકા બ્રહ્મ, લડકી બ્રહ્મ, ગધાગધી ભી બ્રહ્મ. હારમોનિયમવાલા બ્રહ્મ, તબલેવાલા બ્રહ્મ...આ એમને મન તમાશબીન શબ્દો ન હતા. અનુભૂતિજન્ય સત્ય હતું. આશ્રમનું એક હારમોનિયમ કોઈ ચોરી ગયું, તો સ્વામીજીએ તેને તબલાંની જોડ પણ મોકલી આપી. એકલા હારમોનિયમથી



તે વળી કેમ ચાલે ? રીધમ તો જોઈએ ને ? આપણી પાસે પ્રશ્ન સંભવી શકે. સ્વામીજી તો સંન્યાસી છે. અમે તો ગૃહસ્થી છીએ. અમારાથી આવું બધું થાય ? જી હા, થાય.

વિનોદની નજરે એક પુસ્તકમાં લેખક લખે છે : ''તે સમયનાં આકાશવાણી મુંબઈનાં કેન્દ્ર નિર્દેશક શ્રીમતી વસુબહેન ભટ્ટના ઘરમાં ઘરફોડ ચોરી થયેલી. ચોર પણ મુદ્દામાલ સાથે પકડાયેલો. પોલીસ સ્ટેશનેથી ફોન આવતાં વસુબહેન પોલીસ સ્ટેશન ગયેલાં. ત્યાં તેમણે FIRમાં સહી કરી જ નહીં. કહે, ''તમે આવા ગોટાળા કરો છો. આ તો મારો અંગત માણસ છે. માલમુદ્દા સાથે ચોરને પોતાને ઘેર લઈ આવ્યાં હતાં અને જમાડ્યો...સાથે બેસીને જમ્યાં, જે માલ લઈ ગયેલો તે અને થોડું બીજું બધું તેને પ્રેમથી આપીને તેને ઘેર પહોંચાડી આવેલાં. વસુબેન શ્રી મા આનંદમયીનાં ભક્ત છે. કિશન ચાવડા અને શ્રી દિલીપકુમાર રૉયનાં મિત્ર છે. સંતો અને સત્સંગીઓ વચ્ચે રહીને તેમનું ચિત્ત નિર્મળ થયું છે. તેથી સુખદુઃખ સમ કરી જાણીએ...ઘટ સાથે રે ઘડિયાંની સાધનાનાં અભ્યાસી છે. તેમનામાં રહેલા વૈષ્ણવને શોધવો પડે તેમ નથી. તેમનો વૈષ્ણવ જાગ્રતમાં જાગ્રત, સ્વપ્નમાં જાગ્રત અને સુષુપ્તિમાં જાગ્રત છે. વૈષ્ણવ જન કોઈ ત્રેતા કે સતયુગનું સ્વપ્ન નથી. વૈષ્ણવ જન એટલે Life with absolute awareness છે.

વૈષ્ણવ જનની સેવા નિષ્કામ સેવા છે. મોટાભાગના લોકો જેમાં સંન્યાસીઓ, કથાકારો પણ બાકાત નથી, તેઓની So called નિષ્કામ સેવા જાહેર જીવનમાં જાહેર થવા માટે જ હોય છે. એક રાજ્યના એક મુખ્યમંત્રીને કોઈ સાપ્તાહિકના તંત્રીએ લેખ લખીને આપવાનો કહ્યો. લેખ છપાયો. પરંતુ સાપ્તાહિકના પહેલા પાને મુખ્યમંત્રીનો ફોટો ન છપાયો. મુખ્યમંત્રીજી અકળાયા. એક વખતની પ્રેસ કોન્ફરન્સમાં બધાંની વચ્ચે પેલા તંત્રીનો ઉધડો લીધો. કેટલું બધું છીછરું માનસ ?! આવા લોકો ઊંચી ખુરશી પર બેસીને શું કરી શકવાના ?

સાધુઓ પણ આમાંથી બાકાત નથી. ઝુંપડીમાં રહેવાનું અને ગરીબના ઘરનો રોટલો ખાવાની વાતો કરતા કથાકારોની ઝૂંપડી એરકન્ડીશન્ડ હોય છે અને રોટલાનો એક ટુકડો ખૂણામાંથી તોડીને નામમાત્રનો લઈને બાકી

બધાને પ્રસાદીમાં વહેંચી પોતે ભજિયાંની ઉજાણી કરતા હોય છે. ભજિયાં ખાવાનાં ખોટાં નથી, પરંતુ આવો દંભ કરવાની આવશ્યકતા શી ? કદાચ જ્યારે હું આ કહી રહ્યો છું ત્યારે તમોને પ્રશ્ન થઈ શકે...''મહારાજ, નિંદા ન કરે કેની રે...''તે વૈષ્ણવનું સ્વરૂપ છે. તો હું વૈષ્ણવ નથી. થવા માટે મારો કોઈ પ્રયત્ન કે આડંબર પણ નથી. હું એક સાધારણ માનવી છું અને સત્યને સત્ય જોઉં છું. અસત્યને અસત્ય જોઉં છું. મને હજુ સમદષ્ટિ આ 'વિવેકતત્ત્વ'માં ચર્ચાવિષયક પરિસ્થિતિમાં ઉપલબ્ધ નથી.

સકળ લોકમાં સહુને કોણ વંદી શકે ? જે આડંબરરહિત દંભ અને છળ વગરની ડીપ્લોમસી વગરનું જીવન જીવી શકે તે જ સકળલોકમાં સહુને વંદી શકે. જે સર્વત્ર બ્રહ્મદર્શન કરે, જે સર્વત્ર એકમાત્ર ઈશ્વરનું જ દર્શન કરે, તે જ સર્વત્ર વંદન કરી શકે છે. વંદન પણ એક યોગ છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુની અષ્ટપદીમાં કહ્યું છે, ''તૃણાદપિ સુનીચેન, તરોરિવ સહિષ્ણુતા, અમાનિનાં માનદેન કિર્તનીયઃ સદા હરિ :'' તણખલાં જેટલા સરળ થાઓ, વૃક્ષ જેટલા સહનશીલ થાઓ. જે માનને યોગ્ય નથી તેને પણ માન આપો અને સદા હરિનું સ્મરણ કરો.'' અમારા ગુરુદેવ પ્રત્યક્ષ પરમાત્મા સ્વરૂપ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ તો સદૈવ એમ જ કહે છે કે, ''સંતો કે ગુરુદેવને આંગણે પગલુછણિયાં થઈને રહો.'' કે જેથી સંત કે સદ્ગુરુ આવતાં જતાં પગ લુછીને જાય, તો આપણું કલ્યાણ થાય. સરળ નથી, પરંતુ દુષ્કર પણ નથી. પ્રયત્નથી બધું જ સંભવિત બને છે. કારણ મીરાં, તુલસી, સૂર, નાનક કરી શકે તો હું અને તમે તેને માટે પ્રયત્ન શા માટે ન કરી શકીએ ? મીરાં પોતાને ચાકર કહે છે, કબીર પોતાને ઈશ્વરનો - રામનો ગુલામ કહે છે, ક્યાંય એકવાર તો તેણે પોતાની જાતને 'કબીર કુત્તા રામકા' એવું પણ કહ્યું. તેનો અર્થ 'હું મારા માલિકનું વફાદાર પ્રાણી છું.' તુલસી પોતાની જાતને પાપી કહે છે. નાનક કહે છે, 'હું તો તારા ચાકરોના પગની રાખ છું.' - 'નાનક બગોયદ તેરે ચાકરાં દી પા ખાક' રામદાસ, કબીરદાસ, તુલસીદાસ, નાનકદાસ, પુરંદરદાસ, કનકદાસ વગેરે પ્રત્યેક દિવ્ય ચરિત્રના સંતો પોતાને 'દાસ' કહેવડાવે છે અને આપણી લાયકાત કે યોગ્યતા કંઈ જ નથી, છતાં આપણે પોતાની જાતને કહેવડાવીએ છીએ...''મહારાજશ્રી !!!'' વંદન કરવાનું બહુ



જ દુષ્કર છે. દર્શન માટેની પણ આપણી પાત્રતા કેટલી ? માટે જ ગુરુવાણી કહે છે, ''નીવાં હો કે ચલ તે નિવિચાંનું રબ મિલદા'' વિનમ્ર થઈને રહે તેને પ્રભુ ચોક્કસ મળશે. નાનકનાં પદોનું ચિંતન, મનન અને નિદિધ્યાસન વિનમ્રતાના માર્ગે એકનો દિવ્ય અને ભવ્ય પ્રકાશપથ પૂરો પાડે છે.

*સાધો મનકા માન ત્યાગો ।*
*કામ, ક્રોધ, સંગત દુર્જન કી, તાતે અહર્નિસ ભાગો ॥*
*સુખ દુઃખ દોનોં સમ કરી જાનૈ, ઔર માન અપમાન ।*
*હર્ષ શોધ તે રહૈ અતીતા, તીન જગ તત્ત્વ પિછાના ॥ ૧ ॥*
*અસ્તુતિ નિન્દા હોઉ ત્યાગે ખોજે પદ નિરવાના ।*
*જન નાનક યહ ખેલ કઠિન હૈ, કોઉ ગુરુ-મખ જાના ॥ ॥ ૨ ॥*

સૂરદાસની વ્યથા અંગત નથી, તેમનું જીવન ઈશ્વરની સર્વત્ર વ્યાપકતામાં સ્પંદન કરે છે. તેમને જગતના દોષ દેખાતા જ નથી. તેઓનું જીવન પોતાનાં નિજી જીવનની વ્યથા-કથાને સ્પંદિત કરતાં કહે છે...''રે મન ! મૂરખ જનમ ગવાયો ! કરિ અભિમાન વિષય-રસ ચાખ્યો શ્યામ-સરન નહીં આયો.''

ભગવદ્ગીતાના પ્રાણસમાન સ્થિતપ્રજ્ઞ પ્રકરણમાં ભગવાન શ્રીકૃષ્ણ પણ 'નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમ્ અધિગચ્છતિ'ના માધ્યમે અહંકાર શૂન્ય થવા માટે સાવધાન કરે છે.

તુલસી તો એક જ દોહામાં વૈષ્ણવ જનનો સાર કહી દે છે.

*કામ,ક્રોધ, મદ, માન ન મોહા । લોભ ન છોભ ન રાગ ન દ્રોહા ।*
*જિન્હકે કપટ, દમ્ભ નહીં આયા । તિન્હકે હૃદય બસહુ રઘુરાયા ॥*

(રામચરિત માનસ)

જ્યાં કામ, ક્રોધ, મદ, અભિમાન, લોભ, ક્ષોભ, રાગ કે દ્વેષ નથી, જેમનામાં કપટ નથી ત્યાં જ તેમના હૃદયમાં જ શ્રીરામ વસે છે.

તુલસીની સરળતા તો અકલ્પ્ય છે. તે કહે છે, ''પ્રભુ તું દયાળુ છે, હું દીન છું, તું દાની છે, હું ભિખારી છું. હું તો વિશ્વવિખ્યાત પાપી છું અને તું પાપોના ઢગલામાંથી ઉગારનાર છે. તું અનાથનો નાથ છે અને મારા સિવાય બીજું કોણ અનાથ છે ? મારા સિવાય કોઈ બીજો માગણ નથી અને તું માગણનો દાતા છે. મારાં વ્યથા ભરેલાં જીવનની વ્યથાની વહારે તો તું જ

આવે છે. તું બ્રહ્મ છે, હું જીવ છું. તું ઠાકુર છે, હું દાસ છું. હે નાથ ! તાત માત ગુરુ સખા, તું બધાં જ માટે ભલે હો, પણ મારા માટે તો એક જ નાથ છે. તારા અને મારા આ બધા જ સંબંધો છે, તને રુચે-પચે તે ભાવે મને બોલાવજે, પરંતુ અંતે હું તારે શરણે જ છું. તારા વિના મારું બીજું કોઈ જ નથી, તે ભૂલી જતો નહીં ! દીનતા, વિનમ્રતાની મૂર્તિ સમાન છે, તુલસી.

આમ, 'તુલસી' શબ્દ પણ જાણવા જેવો છે અને માણવા જેવો પણ ખરો જ. 'તું' એટલે 'તું' એક ભગવાન,શ્રીરામ અને 'લ' એટલે લખન અને 'સી' તો સીતા માતા જ હોય ને ?! તુલસીનું પોતાનું વ્યક્તિગત ઓળખપત્ર નથી. આ ઓળખને અંગ્રેજીમાં 'આઈડેન્ટિટિ' એવું કહેવાય છે. તેને આપણે શબ્દ પ્રયોગમાં Punning of the word 'ડેન્ટીંગ ઑફ ધી આઈ' આઈ એટલે હું અને ડેન્ટીંગ એટલે તેમાં 'ગોબો' પાડવો. જ્યાં સુધી આ અહં તૂટે નહીં, વિનમ્રતા, સરળતા અને નિષ્કપટતા હૃદયમાં, વ્યવહારવાણીમાં અને વર્તનમાં ઉપજે નહીં ત્યાં સુધી વૈષ્ણવત્વ દુષ્કર છે.

આપણા મોઢામાં જીભ જન્મથી જ છે. દાંત પાછળથી ધીરે ધીરે આવે છે. પરંતુ દાંત પહેલાં જાય છે. જીભ જીવના છેલ્લા શ્વાસ સુધી સાથ છોડતી નથી. દાંત અક્કડ છે. કાપવાનું કામ કરે છે. કોઈ દિવસ દરજીની દુકાનમાં જઈને કાતર માગજો. તે પગ પાસે પડી હશે, ત્યાંથી આપશે. પછી સોય માગી જોજો. સોય માથાની પાઘડી કે ટોપીમાંથી આપશે. સોયનું સ્થાન માથા પાસે ઉપર છે. કાતરનું પગ પાસે. કાતર કાતરવાનું કામ કરે છે. સોય સાંધવાનું કામ કરે છે.

## સૌને વંદે

આપણા જન્મપૂર્વે સમાજ હતો. આપણે જીવીએ છીએ ત્યારે પણ સમાજ છે. આપણા દેહાવસાન પછી પણ સમાજ રહેશે. સમાજ વગર આપણું વ્યક્તિગત જીવન સંભવ નથી. પછી અભિમાન શાનું ? વૈષ્ણવ જનની યોગ્યતા નિરૂપણ કરવા નરસિંહ વંદન કરવાનું કહે છે. આપણે ગુજરાતીમાં કહીએ છીએ. ''પગે લાગ'' એટલે શું ? એટલે પગ પાસે માથું મૂક ! પંજાબીમાં પણ કહે છે, ''મથ્થા ટેક'' માથું ઝુકાવ - માથું જમીન ઉપર મૂક'' આ માથું એટલે જ અહંકાર. અહંકાર હોય તો વંદન સંભવ નથી. જોરથી આંધી આવે તો નાળિયેરી અને યુકેલીપ્ટસ - નિલગીરીનાં વૃક્ષો



મૂળમાંથી ઉખડી જાય છે. અશોકા પેન્ડલમ્ પણ તેમનાં જેવાં જ લાંબા હોય છે. પરંતુ તે ઉખડતાં નથી. કારણ કે હવાને જોખે ઘડિયાળનાં પેન્ડુલમ - લોલકની જેમ હવાની સાથે સાથે એ ડાબે-જમણે ઝુલે છે. જે ઝુલી શકે તેમને ઝૂકવાનો વારો ન આવે. માટે જ કહ્યું છે, ''સૌને વંદે !''

વરસાદ પડે એટલે પહાડો ઉપર પાણી બંધાઈ જાય, જે પાણી બંધાઈ જાય તે ગંધાઈ જવાનું ! જે ઉપરથી નીચે પડે તેને આપણે ઝરણું કહીએ. ધોધ-પ્રપાત કહીએ. તેની નીચે નહાઈએ. તેનું પાણી મીઠું, મધુર હોય, તેનું સૌન્દર્ય પણ હોય. પેલું જે પાણી અહંકાર કરે - કહે કે 'નીચે નહીં આવું' તેનું બધું વ્યર્થ ! તેમાં કીડા પડી જવાના ! આપણાં શરીરમાં પણ નિયમિત દિવસે અને રાત્રે કે સવાર-સાંજ નિયમિત પેશાબ થઈ જાય એટલે ભાઈ ભયો ! પરંતુ છૂટ ન થાય તો બ્લેડરમાં ભરાય, ત્યાં જમા થાય તો તેમાં પણ બેકટેરિયા થઈ જવાના અને છતાંયે છૂટ ન થાય તો કિડનીમાં પેશાબનો ભરાવો થાય, ત્યાં પણ બેકટેરિયા થતા જ હોય છે. પછી તે બેકટેરિયા લોહીમાં In blood stream રક્તપ્રવાહમાં થઈને..'મૌત કા સામાન લે ચલો..' મૂળ સો વાતની એક વાત. આ બધું ઉદાહરણ, દાખલા, દલીલ એટલા માટે કે મૂળ મુદ્દો સ્પષ્ટ થાય. ભાઈ ! નમે તે સૌને ગમે ! વંદન એ દૈવી ગુણ છે, વિનમ્રતા એ દૈવી ગુણ છે. ઝુકવાથી આપણું કંઈ ઓછું થવાનું નથી. તેમાં સૌજન્ય છે.

બ્રહ્મ સત્યં જગન્મિથ્યા...જીવો બ્રહ્મૈવ નાડપર:' બ્રહ્મ જ સત્ય છે. જગત મિથ્યા છે. હું આ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર નથી. હું આ પાંચ પ્રાણ, પંચ તન્માત્રા, પંચ મહાભૂત કે પંચ કર્મેન્દ્રિયો અથવા પંચ જ્ઞાનેન્દ્રિયો નથી. હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ છું. આ વેદાંત જ્ઞાનની પરાકાષ્ઠા હતી. પરંતુ તે જ આચાર્ય શંકર આગળ ઉપર જ્ઞાનામૃતનું પાન કર્યા પછીની રચનાઓમાં તેમના જીવનની સરળતાનો પરિચય આપતાં કહે છે :

*અરણ્યે શરણ્યે ત્વમેકં ભવાનિ - ગતિસ્ત્વં ગતિસ્ત્વં ત્વમેકા ભવાનિ..*

જીવનની કોઈપણ સ્થિતિમાં હે મા ! હે ભગવતી હું તારી શરણમાં છું.

તેમનું જીવન દંભી નથી. છળનો તો પ્રશ્ન જ નથી. તેથી જ તો કબૂલાત કરી શકે છે. મા ! હું તારો જ છું. આ વંદનનો શ્રેષ્ઠ પ્રકાર છે. હું તારો જ છું. તું મારો જ છે. હે ઈશ્વર બધું તારી ઈચ્છા પ્રમાણે જ થાઓ - I am thine

- thou art mine, thy will be done અહીં જ શાંતિ છે. દિવ્યતા અને જીવનની ભવ્યતા છે. વૈષ્ણવત્વની ખરા અર્થમાં ઉપલબ્ધિ છે. વંદન એ દીનતા નથી. સૌજન્ય છે. વંદનમાં હીણપત નથી, ગૌરવ છે. વંદન એ અજ્ઞાન કે દૈન્યનું પ્રદર્શન નથી. વંદન એ સજ્જનતાનું દર્શન છે. સકળ લોકમાં સહુને વંદે..આ ત્યારે જ શક્ય બને કે જ્યારે ભક્તિ અને જ્ઞાનની પરાકાષ્ઠા સંભવે. સર્વત્ર પ્રભુદર્શન થાય. 'જીધર દેખતા હૂં ઉધર તૂં હી તૂં હૈ'ના રંગે જીવન રંગાય તે એક પરમોચ્ચ અનુભૂતિ છે.

આ વિષયક પ્રવચનો એકવાર શિકાગોમાં થયેલાં. ત્યાં પ્રવચનને અંતે અમોએ એવું કહ્યું કે, 'દક્ષિણા તમો આપવાના જ છો. તો મારી ઈચ્છા પ્રમાણે આપજો. આજથી જેની સાથે ન બોલતાં હો તેમની સાથે બોલજો. જેમને ઘેર તમો ન જતાં હોય તેમને ત્યાં જજો. તમોએ ભૂલ કરી હોય તો કબૂલ કરજો. ન કરી હોય અને તમો ગુન્હેગાર ઠરાવાયા હો તો પણ આપણાથી કોઈને પણ, ક્યારેય પણ, કોઈ પણ વિષયક દુઃખ થયું હશે એમ માની ક્ષમા માગજો..વગેરે.

...છ મહિના પછી એક બહેનનો શિકાગોથી ફોન આવ્યો. તેમણે કહ્યું, 'મેં તમારું પ્રવચન સાંભળ્યું હતું. તે દિવસે મોડી રાત સુધી મને ઊંઘ ન આવી. અડધી રાત્રે ઊઠીને મેં મારાં તમામ સગાંસંબંધી ઈષ્ટ મિત્રોને ક્ષમાપનાના પત્રો ઈમેઈલ કર્યા. બે દિવસ પછી બધાંની સાથે દિલ ખોલીને ફોન પર વાત કરી. તે પછીની સાપ્તાહિક રજાઓમાં મેં સત્યનારાયણની કથા મારે ત્યાં રાખી. આ તો લોકોને મારે ત્યાં બોલાવવાનું એક બહાનું હતું. પૂજા પછી બધાંનું જમવાનું હતું. બધાં કાર્યક્રમને અંતે મેં જમીન પર બેસીને, ઘૂંટણ ટેકવીને તે સૌને પ્રણામ કર્યાં. હું કંઈ બોલી શકી નહીં. કંઠ રૂંધાઈ ગયો હતો. સૌ આંખોમાં હર્ષનાં આંસુ લઈને સૌ સૌને ઘેર ગયાં. હું બહુ જ ઘમંડી હતી. લોકોનાં અપમાન કરવાનો મારો સ્વભાવ હતો. પરંતુ હું સમાજથી તરછોડાઈ ગઈ હતી. કારણ કે મેં નાનાં મોટાં સૌને તરછોડ્યાં હતાં. અમો દર અઠવાડિયે ડ્રાઈવર અને માળી બદલતાં હતાં. મારા પ્રિન્ટીંગ પ્રેસમાં માણસો ટકતા ન હતા. મારા પતિ અને બાળકો સૌ મારાથી દુઃખી હતાં. પણ હવે હું હળવી ફૂલ જેવી થઈ ગઈ છું. સ્વામીજી તમો ક્યાં છો ? હું ભારત



આવી તમારો આભાર માનવા માગું છું. તમોએ મને જ નહીં, મારા સમગ્ર પરિવારને નવજીવન આપ્યું છે. વિનમ્રતા સમગ્ર પરિવારને પ્રેમના તાંતણે બાંધતો સદ્‌ગુણ છે. વંદનમાં ખોટ નથી. નફો જ નફો છે.''

''સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે'' આ નિંદા લોકો કરે જ શા માટે ? વિશ્વસ્તરના મનોવૈજ્ઞાનિકો એક એવા નિર્ણય ઉપર આવ્યા છે કે જ્યારે માણસ પોતે કંઈક કરવા પ્રયત્ન કરે છે અને કરી શકતો નથી ત્યારે નિરાશ થઈને જગતના દોષ અને લોકોનાં છિદ્રો જોવા તથા તેવાં છિદ્રોને વધુ મોટાં કરવા માંડે છે. શ્રી શ્રીમા શારદામણિ દેવીએ કહ્યું, ''જો જગતમાં સુખી થવું હોય તો દોષ પોતાના જોવાના. જગતના દોષ કદીયે જોશો નહીં.'' શ્રી શ્રીમા આનંદમયી માતાએ પણ સુંદર વાત કહી. ''જો કોઈના દોષ જોશો તો તેમના દોષો તમારામાં આવશે અને જો કોઈના સદ્‌ગુણોનું ચિંતન કરશો તો તેમના સદ્‌ગુણ તમારામાં આવશે. માટે કોઈના દોષ જોવા નહીં.''

માનવનું જીવન ત્રણ પ્રકારની પ્રકૃતિમાં અટવાયેલું છે. પહેલું સુપીરિયારીટી કોમ્પ્લેક્ષ. બીજું ઈન્ફીરિયારીટી કોમ્પ્લેક્ષ અને ત્રીજું ક્યારેક આ તરફ તો ક્યારેક બીજી તરફ. આવો માણસ ભરોસાપાત્ર હોતો નથી. બડપ્પન કે મોટપની ભાવના, હીણપતની ભાવના અને વચ્ચે ઝુલણિયા. આ જ્યારે હીણપતની ભાવના વધુ જાગે ત્યારે પોતાની અસફળતાનો દોષ કોઈની ટીકા નિંદા કરીને આત્મશાંતિનો અનુભવ કરવો તે છે. જો કંઈ સારું કામ થયું બધે ''વાહ વાહ'' થાય તો બહેનો કહેશે ! 'એ તો મારા હસબન્ડ! છેલ્લા ચાર મહિનાથી ખાવાનું કે સૂવાનું કંઈ ઠેકાણું નથી. ત્યારે કોઈ ફરકતું ન હતું. હવે તમારા ભાઈની (તેમના હસબન્ડ - પતિદેવની) વાહ વાહ થવા લાગીને ? બસ જશ ખાવા સૌ આગળ આગળ થવા લાગ્યા. આ તો ''કામ કરે કોકી અને જશ ખાય જેઠી'' જેવો ઘાટ છે.

અને જો કંઈ ગરબડ થઈ તો કહેશે...'તમારા ભાઈ તો પહેલાંથી જ કહેતા હતા કે આમ ન થાય ! પણ અહીં તેમનું સાંભળે છે કોણ ? સારું થાત તો બધા જશ ખાવા આવત અને કહેત, ''મહેતા સાહેબ ! ગોટાળે ચઢ્યું એટલે મૂવો મહેતો ! અને ભજિયાં ખાવા મહેતા સિવાય બધા...લાંબુ નહીં ચાલે જોજો ને ! મારા હસબન્ડ છે ને ! એટલે બધું ઢાંકી રાખે છે. બાકી તો

બહેન ! 'ન બોલ્યામાં નવગુણ !!!' આ આપણા ટીપીકલ સ્વભાવના કારણે જ આપણે આવું ટીપીકલ બ્લેકમેઈલીંગ કરતા હોઈએ છીએ. નિંદા એટલે માત્ર કોઈની ગેરહાજરીમાં કોઈ માટે ઓછું ઊતરતું બોલવું તે જ માત્ર નથી. તેને મોટા સ્વામીજી (સ્વામી શિવાનંદજી મહારાજ) સદા કહેતા,''Give up idle gossiping and scandal backbiting.'' 'અભિમાન ત્યાગો સેવા કરો..' નિંદા કીસીકી, હમ કિસી સે ભૂલ કરભી ના કરે. દિવ્ય જીવન હો હમારા તેરે યશ ગાયા કરે.

એક સડેલી કેરી બીજી સારી કેરીઓને બગાડે તેમ નિંદક છે તે સમાજની શાંતિ અને સભ્યતા-સૌજન્યને રઝળતાં કરે છે. એક ગંદું માછલું આખાય તળાવને બગાડે છે તેવો આ ઘાટ છે.

જ્યારે કબીરદાસ તો કહે છે કે, 'નિંદક નિયરે રાખીએ' નિંદક સારો એટલા માટે કે આપણે આપણાં જીવનને સાબદાં રાખી શકીએ. આપણા જીવનમાં બાવાં જાળાં નહીં બાઝે. ઉપરાંત આપણે સાવધાન થઈને જીવન જીવીશું. નિંદક સમાજ માટે ઉપકારી હોઈ શકે, પરંતુ તેના નિજી જીવન માટે તો તે પોતાના પડવા માટે ખાડો જ ખોદે છે.

સંતોએ ચાર પ્રકારના નિંદકોની નિંદા કરી છે.

❶ પરણ્યા પછી, ભણીગણીને માતા-પિતાના ખર્ચે પોતાનો બંગલો બનાવ્યા પછી, ''મારી માએ કે બાપે મારા માટે શું કર્યું છે ? એ તો એમના સ્વાર્થ માટેનું જ બધું નાટક હતું !!! વગેરે.'' એવું કૃતઘ્નતાપૂર્વક કહેલું.

❷ સારા અને સાજા થઈ ગયા પછી, ડૉક્ટરની નિંદા કરવી. ''બસ હવે રહેવા દોને, ચામડાં ચીરી નાખ્યાં બાપ ! મને તો ઊંધો કરીને ખંખેરી નાંખ્યો.''

❸ ખાનગી પેઢીમાં ધંધે રહો અને છૂટા થાઓ ત્યારે શેઠનું ખૂબ જ ઊતરતું બોલવું.

❹ શાળાના ગુરુજી પાસે જ્ઞાન મેળવ્યા પછી ગુરુજીનું કે આશ્રમ-સંસ્થામાંથી કાઢી મૂકવામાં આવે કે છૂટા કરવામાં આવે અથવા તો તમો જાતે સંસ્થા કે આશ્રમ છોડીને જાઓ તો આશ્રમના સંચાલક અગર ગુરુદેવની



ટીકા નિંદા અને તેમના માટે હૃદય વ્યથિત કરે તેવી વાતો કરવી...આ બધું જ નિંદનીય છે.

નિંદક માટે સારો ભાવ એટલા માટે આપણે રાખવો કે તેમણે જો નિંદા કે ટીકા-ટીપ્પણી ન કરી હોત તો કદાચ આપણા દોષ ધ્યાનમાં જ ન આવત. આપણે તો ભાગ્યે જ આપણા દોષ જોઈ શકતા હોઈએ છીએ. એટલા માટે આપણા પોતાના દોષ કોઈ દેખાડે તો આપણે ખરે જ તેમનો જાહેરમાં આભાર માનવો જોઈએ.

'નિંદક લાગે મોરૂનિકો...બાકી જગત હૈ ફીકો. નિંદક હમારી કાશી સાધો, પાપ ગયે હૈ વિનાશી' વગેરે. આ નિંદા ન કરે કેની રે, પછી તરત જ નરસિંહ વાણીને નિર્મળ રાખવાની વાત કરે છે. જ્યારે આપણે અશ્લીલ અને અભદ્ર રાખીએ છીએ. સંતોએ કહ્યું છે, ''સત્યં વદ, ધર્મં ચર - સત્યનું પાલન એ જ ધર્મનું પાલન છે.'' વળી બીજાં સાથે વર્તવા માટે એમ પણ કહ્યું છે, ''સાચું બોલો, મીઠું બોલો - અપ્રિય - અસત્ય ન બોલો.'' પૂજ્ય વિનોબાજી કહેતા : ''ઓછું બોલો, ખપ પૂરતું આવશ્યક હોય તેટલું જ બોલો. વાણી ઉપર સંયમ હોય તો નિંદા કરવાનો કોઈ પ્રશ્ન જ નથી.

## વાચ કાછ નિશ્ચળ રાખો

આપણી પાંચ કર્મેન્દ્રિયો છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તેમાં જીભ કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય બંને છે. આંખો બે છે, કાન બે છે, નાસિકાઓ બે છે. બે હાથ, બે પગ, છતાં આ બધાં એક એક કામ કરે છે. જ્યારે આ જીભ એક જ છે છતાં બે કામ કરે છે. માટે જ જીભ ઉપર સંયમ રાખવાનું ''વાચ-કાછ નિશ્ચળ રાખો'' તેવું નરસિંહ કહે છે.

આગમોમાં સુંદર વાત કહી છે, 'ગુરુસ્તુ મૌન વ્યાખ્યાનં - શિષ્યસ્તુચ્છિન્ન-સંશય :' ગુરુના મૌનમાં જ શિષ્યના સંશયો દૂર થાય છે. શ્રુતિ કહે છે : 'શાન્તોડયમ્ આત્મા' આત્માનું સ્વરૂપ શાંત છે. જ્યાં માનવ આત્મસ્થ હોય તે બડબડિયો કદીયે ન હોય. દરિયાને કિનારે પાણી છીછરાં હોય છે, તેથી જ મોજાંઓ ઘૂઘવાટા કરે છે. મધદરિયે દરિયાનાં પાણી પેટાળમાં ઊંડાં હોય છે, તેથી જ ત્યાં દરિયો શાંત હોય છે. એકવાર ''સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ''નું જ્ઞાન ઉપજે એટલે મૌન, ત્યાં જ સાચા વૈષ્ણવત્વનું પ્રાગટ્ય. ઈશ્વર અને બ્રહ્મ પરમોચ્ચ શાંતિનાં સ્વરૂપો છે. મૌન એ તો હૃદયની ભાષા છે. બ્રહ્મની

ભાષા છે. આત્માની ભાષા છે. વાક્‌શક્તિ એ સૌથી મોટી શક્તિ છે. નરસિંહ વાચ અને કાછને નિશ્ચળ રાખવાનું સમજાવવાની જહેમત કરે છે. કારણ જીભ અને જનનેદ્રિય આ બંને એક જ રસ તન્માત્રામાંથી જ કાર્યનિરત થાય છે. માટે જ પૂજ્ય ડોંગરે બાપજી કહેતા, ‘‘જેણે જીભ જીતી, તેણે જગ જીત્યું. જેની જીભમાં ઝેર તેને જગતથી વેર’ વળી ક્યારેક તેમનો માંહ્યલો દુઃખી થાય ત્યારે એમ પણ કહેતા, ‘‘જે ભજિયાં, ભૂસું ને ભેળપૂરી ખાય તે વળી બ્રહ્મચર્ય શું પાળે ?’’ જીભનું નિયંત્રણ માત્ર વાણીનું સાધન નથી. આત્મસંયમનું સર્વોચ્ચ સાધન છે.

જ્યારે માનવ દુઃખ, યાતના, પીડા અને નિરાશામાં દુઃખી થાય ત્યારે તે સદૈવ પોતાનું દુઃખ ચોપાસ જઈને વ્યક્ત કરતો હોય છે. આમ થવાથી તે એમ સમજે છે કે મારી વેદના ખાલી કરું છું. પરંતુ આજે સમાજમાં કોઈને પણ બીજા કોઈની વેદના-વ્યથા સાંભળીને પોતાની વ્યથા વધારવાની રુચિ નથી. લોકોનાં પોતાનાં જ હૈયાં દાઝેલાં છે, ત્યાં કોને કોની વાત સાંભળવામાં રસ હોય ? માટે આવે દુઃખને સમયે મૌન રહેવું તે વધુ ઉચિત છે. Wait and Watch ! પ્રતીક્ષા કરો અને કુદરતે આપણાં કર્મો આપણે માટે જે કંઈ ભોગવવાનું નક્કી કર્યું હશે, આપણે તેમાંથી છટકી શકવાના નથી. ભૂતકાળને વાગોળવાથી કંઈ લાભ નથી. ભવિષ્યના ઘોડા દોડાવીએ છીએ પણ દિશા જ સ્પષ્ટ નથી. માટે વર્તમાનની પ્રત્યેક પળનો સદુપયોગ કરવો. વર્તમાનમાં જ જીવતાં શીખવું. આ વર્તમાન જ આપણા ભવિષ્યનું નિર્માણ કરે છે.

ઓછું બોલવું, આવશ્યકતા પૂરતું બોલવું અને સત્ય બોલવું તે જ ‘વાચ’ વાણી કે વાચાનો સંયમ છે અને શક્તિનો સંચય છે. બાકી લોકો સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી મૌન રાખે, ફોનમાં હ-હું-ઉ-આં એવું બોલ્યા કરે, એ ખોટું નથી, ખરાબ પણ નથી. છતાં પૂરતું અને યોગ્ય પણ નથી. અનેક લોકો મૌન રાખે છ મહિનાનું, એક વર્ષનું પરંતુ આખો દિવસ સ્લેટ-પેન સાથે રાખીને ફર્યા કરે અને લખી લખીને પોતાની વાત જણાવે. થોડા લોકો ઈશારાથી વાત કરે. હાથની હથેળીમાં બીજાના હાથની આંગળી વડે લખે. શું ઉપજે સામાવાળાને તો મુશ્કેલી. પરંતુ મૌનીને પણ સૌથી વધુ માથાકૂટ. વાસ્તવિક જીવન જીવતાં શીખીએ. આવા મિથ્યા આડંબરની કંઈ આવશ્યકતા નથી. વાણી આપણી મિત્ર છે.



વાણી જ આપણી શત્રુ છે. કંઈક લોકોને કકળાટ કરતા સાંભળ્યા છે. ‘‘મારુંયે ખાતું ગરબડિયું..નહીં બોલું કરીને પણ બોલાઈ જવાય છે.’’ બોલ્યા પછી પસ્તાવો કરવાનો ઉચિત છે, પરંતુ નહીં બોલવું વધારે સારું છે. સાવ મીંઢા થઈને રહેવું પણ ઉચિત નથી. આ મીંઢો એટલે ચાર પ્રશ્ન પૂછો તો જવાબ આપવો હોય તો આપે, બાકી બોલે જ નહિ. આ પ્રકારના લોકો પોતે ડહાપણ ભરેલા છે, તેવું સમજતા હોય છે. પરંતુ તેવું નથી. તમારી એવી વૃત્તિથી તમો સામાવાળા પક્ષનું હળાહળ અપમાન કરો છો, તોછડો જવાબ ન આપીએ, તદ્દન મૌન ન રાખીએ, પરંતુ શાંતિથી ઉદ્‌વેગ વગર to the point ખપ પૂરતું બોલીએ ત્યાં જ વાણીનો સંયમ છે. છતાંયે આપણે બડબડાટ બંધ કરીએ તે પણ સારું છે. શારીરિક શાંતિ છે. આરંભમાં આવું સ્થૂળ મૌન ઉચિત છે. મન બોલવા માટે ઉછાળા મારશે. ભલે મારે. આપણે નહીં બોલવાનો નિર્ણય કરીએ ત્યારે ન જ બોલવું. પહેલાં સ્થૂળ મૌનનો અભ્યાસ કરીએ. પછી કાષ્ટ મૌન આવશે. કાષ્ટ મૌન એટલે ઈશારાઓ પણ નહીં, લખવાનું પણ નહીં, આંખોથી પણ કંઈ કહેવાનું નહીં. આ આત્મસ્થ સ્થિતિનો અભ્યાસ છે. આવું મૌન અંતરતરને જાગૃત કરે છે. જે વૈષ્ણવ થવા માટે ખૂબ જ આવશ્યક છે. કબીરદાસજી કહે છે : ‘‘અંદર બહાર સમ કરી જીતે, વોહી સાહેબ કો પહેચાને’’ પછી ત્યાં છળ કે કપટ નહીં હોય. ટાગોરે સુંદર વાત કરી.

*અંતર મમ વિકસિત કરો અંતરતર હે ।*
*નિર્મળ કરો, ઉજ્જ્વળ કરો, સુંદર કરો હે ॥ ૧ ॥*
*જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે ।*
*મંગળ કરો, નિરલસ કરો, નિઃસંશય કરો હે ॥ ૨ ॥*
*યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ ।*
*સંચાર કરો સકલ કર્મે શાંત તોમાર છંદ ॥ ૩ ॥*
*ચરણ પદ્મે મમ ચિત્ત નિષ્પંદિત કરો હે ।*
*નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે ॥ ૪ ॥*

કાષ્ટમૌન, વાચ-વાણીનો સંયમ આત્મ-ઉન્નતિનું પ્રવેશદ્વાર છે.

જે લોકો બહુ બોલ બોલ કરતા હોય તે સદૈવ અશાંત જ હોય છે. દરિયાપારના દેશોમાં ક્યાંય પણ ચાર છોકરાઓ મ્યુનિસિપાલિટીના થાંભલા

નીચે ઊભા રહીને ગામ-ગપાટા મારતા કદીયે જોયા નથી. આપણા સૌરાષ્ટ્રમાં થાંભલે થાંભલે દિવસે અને રાત્રે ઓટલે અને ગામને ચોરે લોકો ભેગા થઈને વ્યર્થ અનર્ગલ વાર્તામાં સમય વ્યર્થ કરતા જોઈ શકાશે. આપણી ટી.વી. ચૅનલો પણ તેમાંથી બાકાત નથી. ક્યાંય કોઈ એક ઘટના બની. દા.ત. એક શાળામાં ચિત્ર હરીફાઈ બાળકો માટે કોઈ ઠંડા પીણાવાળી કંપનીએ આપેલી. એક બાળકીને એકાદ ઊલટી થઈ. તાત્કાલિક શાળાના પ્રબંધકો તેને ડૉક્ટર પાસે લઈ ગયા. બાળકનાં વાલીને બોલાવ્યાં. વાલીએ પોલીસ ફરિયાદ કરી. પોલીસે મીડિયાને જાણ કરી. ચેનલોની 'ટીમો' - કૅમેરાઓ લઈને આવી ગઈ. બાળક સારું છે, હવે સાજું છે. બેસીને આનંદ કિલ્લોલ કરે છે. છતાં તેનું જીવતે જીવતા પોસ્ટમોર્ટમ !? શું હતું ? કેમ હતું બોટલમાં ? કેટલું પીણું હતું ? તેનો રંગ કેવો હતો ? તેનો સ્વાદ કેવો હતો ? ઢાંકણા ઉપર કાટ લાગ્યો હતો ? જુનું બટાઈ ગયું હતું ? તેમાં કડવાહટ હતી ? વાસ કેવી હતી ? પહેલાં શાળામાં કદી તમોને ઊલટી થઈ હતી ? ઊલટી ક્યાં થઈ ? શાળામાં ? શાળા બહાર ? ઓસરીમાં ? ઓરડામાં ? ઝાડ નીચે ? ઊલટીનો રંગ કેવો હતો ? તેમાં પીણું જ નીકળી ગયું કે સવારનો નાસ્તો પણ ? તમોને હવે ચક્કર આવે છે ? રડવું આવે છે ? પેટ દુખે છે ? માથું દુખે છે ?...આવા લોકોએ મીડિયા છોડીને સી.આઈ.ડી. થવું જોઈએ. સમાજની શાંતિમાં અશાંતિ જ ફેલાવવાની કે બીજું કંઈ ?

ઘણા મિત્રોએ વિવિધ ભાષાઓ શીખવા અને બોલવાનો શોખ હોય છે. સારું છે પરંતુ અકારણે, પ્રસંગ વગર પોતાના જે-તે ભાષાના છીછરા જ્ઞાનનું પ્રદર્શન કરવાનો વળી હેતુ શું ? જે માણસ દિવસ-રાત બડબડાટ કર્યા જ કરે છે તે સાચું - સત્ય ઓછું અને ખોટું કે જૂઠું અને અનર્ગલ વધુ બોલતો હોય છે. વાતોને જોડી જોડીને ગપ્પાં મારવાની વૃત્તિ પણ આખરે તો દુઃખદાયક જ છે.

જેમનું વાચન, મનન, ચિંતન વિશાળ છે, ઊંડાણમાંથી છે તેઓ આવાં ગપ્પાં મારવાનું પસંદ કરતા નથી. માટે જ સુભાષિત કહે છે કે, "કાવ્યશાસ્ત્ર વિનોદેષુ કાલો ગચ્છતિ ધીમતામ્ વ્યસનેન તુ મૂર્ખાણાં નિદ્રયા કલહેન વા." જે લોકો બુદ્ધિમાન છે, તેઓ તેમનો સમય કાવ્યશાસ્ત્ર અને તેમાં રહેલાં



જ્ઞાનની ચર્ચામાં પોતાનો સમય વ્યતીત કરે છે. દુર્ભાગ્યે મૂર્ખ લોકો વ્યસન, નિદ્રા અને કલહમાં જ તેમનાં જીવનમાં આટાપાટા રચતા હોય છે.

વાચની સાથે જે કાછ નિશ્ચળ રાખવાનું કહ્યું છે તે કાછ એટલે કછોટો. અહીં બ્રહ્મચર્યનું પાલન કરવાનો નિર્દેશ છે. 'બ્રહ્મચર્ય પ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ' બ્રહ્મચર્યના અભ્યાસથી જ ઓજસ, તેજસ અને પ્રજ્ઞા વધે છે. અહીં બ્રહ્મચર્ય એટલે સ્પષ્ટપણે જનનેન્દ્રિય પર સંયમનો જ ભાર મૂકવામાં આવ્યો છે. આગળ ઉપર "પરસ્ત્રી જેને માત રે" કહીને પણ નરસિંહે બ્રહ્મચર્યના પક્ષે આત્મસંયમની જ વાત કરી છે.

સોક્રેટીસ પાસે એક યુવકે આવીને કહેલું કે, 'મારું લગ્ન થવાનું છે, ને તમો બ્રહ્મચર્ય પાલન કરવાનું કહો છો તો મારે સ્ત્રી સાહચર્ય કરવું કે નહીં ?' સોક્રેટીસે ઉત્તર આપ્યો. 'હા, પરણો છો માટે જીવનમાં એકવાર તો સ્ત્રી સાહચર્ય અવશ્ય કરવું.' "પણ તેથી કેમ ચાલશે ?" આ પ્રશ્ન પૂછાતાં સોક્રેટીસ કહે, 'સારું તો વર્ષમાં એકવાર.' પરંતુ પરણ્યા પછી આવી જાતનું માનસ કેમ રહી શકે ? સત્વરે સોક્રેટીસે કહ્યું, 'કબર ખોદ. તેમાં તારી પત્નીને લઈને સુવાનું રાખ.'

ધન્વંતરીએ પણ પોતાના શિષ્યોને સુખદ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય, શારીરિક ચાપલ્ય, પ્રજ્ઞામાં વૃદ્ધિ, બુદ્ધિમાં તેજસ માટેનું રહસ્ય સમજાવતાં એ જ કહ્યું કે, 'વીર્યવાન ભવ" આ વીર્ય એટલે અપબલ, તપબલ, બાહુબલ, બુદ્ધિબળ અને પૌરુષત્વમાં પ્રછન્ન અસ્ખલિત પ્રભાવ.

વીર્યનો ઉપયોગ પ્રજોત્પત્તિ માટે જ છે. મિથ્યાત્વમાં વ્યય હેતુ માટે નથી. વર્તમાન વિજ્ઞાનનું અને કહેવાતું માનસિક ઉત્કર્ષ અને અભ્યુદયનું વલણ બ્રહ્મચર્ય પાલનમાં માનતું નથી. "કહેતા ભી દિવાના અને સુનતા ભી દિવાના" પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ બ્રહ્મચર્યની શાખ પૂરી જ છે. આત્મસંયમમાં તેઓ પણ માને જ છે. જ્યારે વર્તમાન તબીબો અને મનોવૈજ્ઞાનિકો એવું જ્ઞાન આપે છે કે જો સ્ત્રી-સાહચર્ય અને વીર્યનો ક્ષય કોઈપણ પ્રાકૃતિક કે અપ્રાકૃતિક રીતે કરવામાં ન આવે તો તે માણસની ડાગળી ચસકી જવાની પૂરી સંભાવના છે !! બુદ્ધ, મહાવીર, હનુમાન, અરવિંદ, સ્વામી શિવાનંદ કે વિવેકાનંદજી કોઈની ડાગળીઓ ચસક્યાના સમાચાર

નથી. જેમનું જીવન બ્રહ્મચર્યમાં પ્રતિષ્ઠિત હોય છે, તેમની ત્વચામાં સૌંદર્ય, ચહેરામાં નિખાર, વાણીમાં ઓજસ, તેમની મેધાશક્તિ, સ્મરણશક્તિ, ચિંતન મનન શક્તિ, સહનશીલતા, આત્મસંયમ બધું જ વધે છે. પરંતુ જે વધુ પ્રમાણમાં કામુકતા ધરાવે છે, તેનો સ્વભાવ બહુ ચીડિયો, છીછરો અને ગુસ્સાવાળો હોય છે.

આયુર્વેદ વીર્યને સાતધાતુ કહે છે. અર્થાત્ રસ. અન્નમાંથી રસ, રસમાંથી રક્ત, રક્તમાંથી માંસ અને માંસમાંથી મેદ, મેદમાંથી મજ્જા અને મજ્જામાંથી વીર્ય બને છે. જેવી રીતે કળીમાંથી પુષ્પ અને પુષ્પમાંથી પરાગ તથા પરાગમાંથી મધુ-મધ બને છે, તેવી જ રીતે વીર્યમાંથી જ બળ, બુદ્ધિ અને વિદ્યાની ઉપજ થાય છે. વીર્ય-વ્યયથી લોકો શરીરમાં રાંટાં-ટાંટાં, આંખો ઊંડી ઉતરી ગયેલા અને જલદી તેમને સાંધાના દુખાવા કે ઈતર રોગોના શિકાર થતા હોય છે.

આ વાચ અને કાછ બંને મનના જ વિષયો છે. 'મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ' મન જ માનવ જીવનના બંધન અને મોક્ષનું કારણ છે.

## મન

એક વૃક્ષ પર જેવી રીતે પક્ષીઓ ગમે ત્યારે આવે, બેસે અને ઊડી જાય તેવી જ રીતે મનમાં ગમે ત્યારે ગમે તે સ્થળે ગમે તેવી પરિસ્થિતિમાં વિચારો તો આવ્યા જ કરે છે. શ્રુતિઓમાં શરીરને એક રથરૂપે વર્ણવવામાં આવ્યું છે. શરીરરથના ઘોડાઓ ઇન્દ્રિયો છે. બુદ્ધિ સારથી છે. મન લગામ છે અને જીવ - આત્મા તે આ રથનો માલિક અંદર બેઠેલો છે. સારથી લગામ વડે ઘોડાઓને કાબૂમાં રાખે છે. આમ ઘોડા, લગામ, બુદ્ધિ બધું અલગ અલગ હોવા છતાં, મનનું એવું નથી. મન કોઈ એક અલગ અંગ જેવું કે હૃદય, ફેફસાં, લીવર, કીડની, પેન્ક્રીયાઝ જેવું નથી. શરીરનું પોસ્ટમોર્ટમ કરવામાં આવે તો મન ક્યાંય જડશે કે મળશે નહીં. છતાં 'મનકે હારે હાર, મનકે જીતે જીત' આપણું મન ચંચળ છે. અર્જુને પણ શ્રીકૃષ્ણને ફરિયાદ કરેલી. ''આ મન બહુ ચંચળ છે, જક્કી છે, જીદ્દી છે શું કરું ?'' ચંચલં હી મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્દૃઢમ્ શ્રી કૃષ્ણ કહે છે. 'શનૈ-શનૈઃ' ધીરે ધીરે મનને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરો. 'યતો યતો નિશ્ચરતિ મનશ્ચંચલમસ્થિરમ્' મન જ્યારે જ્યારે આમ-તેમ ભટકે તેને બળજબરી કર્યા વગર ફરી ફરીને તેના પોતાના લક્ષ્યમાં કેન્દ્રિત કરો.



એક માતેલો સાંઢ હોય તો તેની પાસે જવાય નહીં, તે શીંગડે ચઢાવશે. જીવનું જોખમ. પરંતુ દરરોજ નિયમિત રીતે, એક જ સમયે, એક જ રીતે લીલું ઘાસ લઈને જાઓ. તેની ઓળખાણ થશે. પછી તેની પાસે જવાનો વાંધો નહીં. ત્યારબાદ પણ એ જ પ્રમાણે ઘાસ આપ્યા કરો. પછી ધીરેધીરે તેના ગળે અને શરીર પર પ્રેમથી હાથ ફેરવો. પછી દીર્ઘ કાળની મૈત્રી કરીને તેના ઉપર સવારી કરી શકાય. મનની મૈત્રી વગર વૈષ્ણવત્વ સંભવ નથી. મનમાં જ રાગદ્વેષ જન્મે છે. મનમાં જ કામક્રોધનો પ્રસવ થાય છે. મન જ લોભ અને મોહનું જનક છે. માટે મનને તો સંયમિત કરવું જ પડશે.

આપણું બાહ્ય શરીર છે, તે પંચકોષોનું બનેલું છે. તેમાં અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, જ્ઞાનમય કોષ અને વિજ્ઞાનમય કોષ છે. તેમાં આ મન આ બાહ્ય સ્થૂળ ભૌતિક શરીર કરતાં વધુ સૂક્ષ્મ છે. જે સ્વકીય મન પર મનોજય કરી શકે છે. આ મનમાં જ બુદ્ધિ, શક્તિ ને અંતઃસ્થમાં જાગૃત કરી શકે છે. આ મનમાં જ બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સમાહિત છે. જ્યારે વિચારો આવે અને જાય ત્યારે તેને મન કહેવાય. તે વિચારો ઉપર તર્ક કરે તેને બુદ્ધિ અને તે વિચારોનો સંગ્રહ કરે તે ચિત્ત તથા વિચારોને જ વળગી રહે તે જ સાચું મન. મન મદોન્મત બની કહે - 'મારું જ સાચું' તે અહંકાર છે. જેવી રીતે જે શક્તિ વિશ્વસર્જન કરે, તેને બ્રહ્મા, જે પાલન કરે તે વિષ્ણુ અને જે વિસર્જન કરે તે શિવ કહેવાય, તેવી જ રીતે તે ત્રિમૂર્તિ કહેવાતાં છતાં એક જ છે. દૂધ, દહીં, માખણ અને ઘી..આ બધું ભિન્ન ભિન્ન હોવા છતાં મૂળ એક જ તત્ત્વમાંથી પ્રસવ્યું છે. તેમ જ મન પણ સૂક્ષ્મ અહંકારમાંથી પ્રસવ્યું છે.

મળ, વિક્ષેપ અને આવરણ એ ત્રણેય મનની જ વિકૃતિ છે. જૂના જમા થયેલા સંસ્કારો મનનો મળ છે. તેમજ અકારણે-અનિચ્છાએ જીવનયાપનમાં વિડંબણાઓ ઊભી કરે છે તે વિક્ષેપ છે અને આ વિક્ષેપ જ જીવનવિધિમાં અવરોધ બને છે તે આવરણ છે. આ ત્રણેય વિકારોમાંથી મુક્તિ પ્રાણાયામ અને જપથી સંભવી શકે. વૈષ્ણવ જો હરિભજનમાં તદ્રુપ, તન્મય, તદાકાર રહે તો પ્રાણાયામેન-કિલ્લીષામ્; પ્રાણાયામ દ્વારા મનના મળ, વિક્ષેપ અને આવરણનો નાશ થાય છે. પ્રભુસ્મરણથી મનોમાલિન્ય જતાં, જીવન સાર્થક થાય છે, તેથી જ ''ધન ધન જનની તેની રે'' એવું કહેવામાં આવ્યું છે.

## સમદૃષ્ટિ

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી કહીને નરસિંહ સામ્યવાદનો પાયો નાંખે છે. આ સમદૃષ્ટિ તે વેદાંતનું પરમોચ્ચ ઉપલબ્ધિનું સોપાન છે. સ્થિતપ્રજ્ઞ અને સાક્ષી-ચૈતન્ય-વિષયક પ્રવચનો કરવાં બહુ જ સહેલાં છે. કદાચ આપણા ગુજરાતમાં જેટલા પ્રવચનકારો અને કથાકારો હશે તેટલા ભારતના બીજા પ્રદેશોમાં ભાગ્યે જ હશે. એક મહિલા પ્રવચન કવયિત્રીને આપણા આશ્રમના વાર્ષિકોત્સવમાં નિમંત્રણ આપેલું. તેમના બધા જ ભક્તો તેમને ''મા ! મા !''થી સંબોધિત કરે ને તેઓ જ્યાં જાય ત્યાં પોતાના ૨૦-૨૫ ભક્તો પોતાની સાથે લઈને જાય. પ્રવચન વચ્ચે દર મિનિટ દોઢ મિનિટે આ બધા લોકો પહેલી લાઈનમાં બેસીને તાળીઓ પાડે. શા માટે ? આથી શું થાય ? અમારા કાર્યકારક પ્રમુખ આવ્યા. તેઓ આ 'મા'ની બાજુની ખુરશીમાં આવીને બેઠા, તો જાણે તેમને આંચકો લાગ્યો હોય તેમ ઊભાં થઈ ગયાં. ખુરશી છેક આગળ લઈને અલગ થઈને બેઠાં. આ પંક્તિમાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી, તદુપરાંત મંડલેશ્વરો અને તેના સિવાય રામાયણી-મહિલા ભક્તિમતી માતા હતાં. આ બધાંથી મારો ચોકો જુદો ! કહે, ''હમ પુરુષોં કે સાથ નહીં બૈઠતે !'' અત્યાર સુધી કંઈ વાંધો ન હતો. હવે શું થયું ? જુઓ આ નિંદા કે ટીકા નથી, અવલોકન છે.

બીજા એક સંન્યાસીનાં પ્રવચન બહુ વખણાય. એમનો એવો આગ્રહ કે હું નાટ્યભવનો કે થિયેટર અથવા બંધ-બારણાનું ઓડીટોરિયમ હોય ત્યાં જ પ્રવચન કરું. મારા આવતાં પહેલાં બધાંએ આવી જવું પડે. આ બધી વાત તો સમજાય તેવી છે. પરંતુ એક દિવસ 'પીન ડ્રોપ સાયલન્સ' વચ્ચે તેઓશ્રી કહી રહ્યા હતા કે, 'સાક્ષી બનો - સાક્ષી ! સાક્ષી એટલે સાક્ષી ! મ્યુનિસિપાલીટીનો લાઈટનો થાંભલો કોઈના વરઘોડાને જોઈને વધુ પ્રકાશ આપતો નથી. કોઈની નનામી જોઈને તે પોતાનો પ્રકાશ ઓછો પણ કરતો નથી. બંને સ્થિતિમાં આત્મસ્થ. બાહ્ય આડંબર, દંભ અને છળથી પૃથક. આમ જ્યારે તે સંન્યાસી બોલતા હતા તે સમયે શ્રોતાઓમાં કોઈને છીંક આવી. હવે છીંક તો કુદરતનું કારણ છે. પરંતુ વક્તાએ આકસ્મિક ઊભા થઈને બૂમ મારી. ''કોણ છે ? તેને બહાર કાઢો. લોકોએ સંન્યાસીજીને સમજાવ્યા. પરંતુ તે કહે, 'જો આ માણસ ઊભો થઈને બહાર ન જાય તો તેને



ઊંચકીને બહાર ફેંકી દો !' અરે ભાઈ ! ઐસા હી હોતા હૈ. તેનાથી નરસિંહ અજાણ નથી. શ્રી કૃષ્ણ, વેદ વેદાંત સૌ માનવ માનવમાત્રની આ છળ, દંભ અને દેખાવની રીતિ-નીતિને જાણે છે અને તેનું કારણ આપણામાં રહેલો સત્વરે પ્રવચન-પટુ થઈ જવાનો અભરખો છે. ફરીથી કહેવાનું કે આ નિંદા નથી અને કૂથલી પણ નથી. ચરિત્રચિત્રણ છે. મહાભારતમાં દુર્યોધનના સદ્‌ગુણ અને દુર્ગુણોનું વર્ણન છે તો યુધિષ્ઠિરના સદ્‌ગુણો અને દુર્ગુણોનું ચરિત્ર-ચિત્રણ પણ છે.

સમદૃષ્ટિ ત્યાં સુધી નહીં આવે જ્યાં સુધી ''મેરે તો ગિરધર ગોપાલ દૂસરા ન કોઈ''ની ભાવના અંતરમાં નહિ પ્રકટે. ભગવાન ભાષ્યકારે એટલા જ માટે દ્વન્દ્વાતીતં ત્રિગુણરહિતં તત્વમસ્યાદિ લક્ષ્યમ્' એમ કહ્યું છે. મારું તારું ઊંચ- નીચ, કાળું ધોળું, હું અને તું, ગરીબ-અમીર, આ બધાં દ્વન્દ્વો છે. તેનાથી પૃથક્ તો થવું જ પડે. સાધના વિના શક્ય નથી. સત્ત્વ, રજ અને તમસથી જ સમગ્ર સંસારની રચના થઈ છે. ક્યાંય એક ઓછું તો બીજું વધારે પરંતુ જે આધ્યાત્મિક પથે આગળ વધવા માગે છે તેમણે તો સાવધાન થઈને જ રહેવું પડે, ત્યાં બાંધછોડ ચાલે જ નહીં. માટે જ નરસિંહ એક અન્ય પદમાં કહે છે, 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીંન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' માનુષ દેહ તારો એમ એળે ગયો. માવઠાંની જેમ વૃષ્ટિ રૂઠી....ત્યારે બીજા એક પદમાં આ સમદૃષ્ટિ સંબંધી નરસિંહ કહે છે, ''વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ સાખ દે, કનક કુંડળ વિષે ભેદ ન્હોયે. ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે...વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું. જોઉ પટંતરો એ જ પામે..પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા...અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ...આટલી વાત સમજાય તો વૈષ્ણવ સાચો. બાકી જે વાત ભજગોવિંદ સ્તોત્રમાં શ્રી આદિ શંકરાચાર્યજીએ કહી છે, તે જ સત્ય નરસિંહ પણ છાપરે ચઢીને પોકારીને કહે છે, શું થયું વેદ વ્યાકરણ વાણી વદે ? શું થયું ખટ દરશન સેવ્યા થકી ? એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા આતમારામ પરિબ્રહ્મ ન જોયો. ભણે નરસૈયો કે તત્ત્વદર્શન વિના રત્નચિંતામણિ જન્મ ખોયો... આ નરસિંહનું વૈષ્ણવ જન તે રત્નચિંતામણિ પ્રાપ્ત વ્યક્તિનું શબ્દચિત્ર છે.

નામદેવ પણ ગોરાકુંભારનાં ટીપણાં જોઈને અકળાયા હતા. 'અમો કંઈ ઘડાઓ છીએ તે માથામાં ટપારે છે ?' એટલે ગોરાએ કહ્યું, 'અલ્યા તું એક જ કાચો' અને એ જ નામદેવની સુકી ભાખરી લઈને કૂતરો ભાગ્યો ત્યારે તેઓ ઘીની વાટકી લઈને તેની પાછળ દોડ્યા હતા. આ થઈ સમદૃષ્ટિ. આપણે આપણી સાથે જેવો વ્યવહાર લોકોએ કરવો જોઈએ તેમ ઇચ્છતા હોઈએ તો આપણે લોકો સાથે તેવો જ સદાચારી શ્રેષ્ઠ વ્યવહાર કરવો જ જોઈએ. પરંતુ આપણી અંદર ચાણક્ય બેઠેલો છે. ''લેવાનું સત્વરે લઈ લઈશ. આપવાનું આરામથી આપીશ.'' આ નીતિ વૈષ્ણવની નથી જ.

વૈષ્ણવ સરળ છે, કપટ રહિત. તેના જીવનને છળ સ્પર્શ્યું નથી. તે શુદ્ધ સ્ફટિકનું મોતી છે. તેના જીવનમાં 'શ્રીકૃષ્ણ વિના બીજું સર્વ કાચું'ની સ્થિતિ છે. શ્રી હનુમાનજી માળાનાં મોતી તોડે છે તેવી કથા છે. શા માટે ? તો જે મોતીમાં રામ ન હોય તે મોતી મારે ન ખપે ! ...''જાગત રામ હી, સોવત રામ હી સપને મેં દેખ્ખો રાજા રામ હી...'' ગુરુકૃપાજન પાયો મેરે ભાઈ રામ બિના કછુ જાનત નાહીં...આ સ્થિતિ વૈષ્ણવની છે. સમદૃષ્ટિની છે.

અને હવે કહે છે તૃષ્ણા ત્યાગી. આ તૃષ્ણા વળી બહુ અટપટો શબ્દ છે. કારણ શ્રુતિ કહે છે કે, 'એકાકી ન રોચતે સઃ દ્વિતીયં ઐચ્છત્' પ્રભુને એકલા રહેવું ન ગમ્યું. તેથી તેમણે માયા ઉત્પન્ન કરી. પ્રભુની ઈચ્છામાંથી માયા અને માયાની ઈચ્છામાંથી આપણે જન્મ્યા. અર્થાત્ આ ઈચ્છા આપણી માલિક છે અને આપણે તો ઈચ્છાના દાસ થયા. માનવને જ્યાં સુધી ઈચ્છા થાય ત્યાં સુધી વાત મુશ્કેલ નથી. પરંતુ જો ઈચ્છા પહેલાં કામના, વાસના, તૃષ્ણા થાય તો અંતે આ તૃષ્ણા હવસમાં પરિણમતી હોય છે. તૃષ્ણા હવસનું બીજ છે અને હવસ જીવનનાં હ્રાસ કે અધોગતિનો પાયો છે. આપણે આગળ ઉપર ચર્ચા કરી કે શ્રીરામ અને શ્રીકૃષ્ણે પોતાની જીવનયાત્રાના આરંભમાં તાડકા અને પૂતનાને હણી હતી. આ તાડકા અને પૂતના સાધારણ રાક્ષસીઓ નથી. તે વ્યક્તિમાત્રના જીવનની તૃષ્ણા છે. જે વ્યક્તિ પોતાના જીવનમાં કંઈક 'અયં વિશેષઃ' મુઠ્ઠી ઊંચેરો માનવી થવા માગે છે. તેણે ત્યાગ અને તપશ્ચર્યા દ્વારા વાસનાનો ક્ષય કરવો જ જોઈએ.

જ્યાં સુધી વાસનાનો ક્ષય ન થાય ત્યાં સુધી મનોનાશ કે મોક્ષનો સંભવ



નથી. આ મોક્ષ જેવું પરમપદ એટલે જ વૈષ્ણવ જન.

માટે જ ગીતા કહે છે :

*વિહાય કામાન્ યઃ સર્વાન્ પુમાન્ ચરતિ નિઃસ્પૃહઃ ।*
*નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમ્ અધિગચ્છતિ ॥*

જે વ્યક્તિ પોતાની તમામ કામનાઓનો ત્યાગ કરીને અને ઈચ્છા, મમતા તેમજ અહંકારરહિત થઈને વિચરણ કરે છે તે જ શાંતિ પ્રાપ્ત કરે છે.

રંતિદેવની પ્રાર્થના છે. :

*નત્વહં કામયે રાજ્યં, ન સ્વર્ગં ન પુનર્ભવમ્ ।*
*કામયે દુઃખ-તપ્તાનામ્ પ્રાણિનામ્ આર્તિનાશનમ ॥*

મારા માટે કંઈ ન જોઈએ. ન સ્વર્ગ કે ન મોક્ષ. પરંતુ હા ! જે જે પ્રાણીઓ દુઃખથી પીડાય છે, તેમનાં દુઃખ દૂર કરો. હે પ્રભુ ! અને અંતે કહી શકાય કે,

*ન જાતુ કામાત્ ન ભયાત્ ન લોભાત્*
*ધર્મં ત્યજેત્ જીવિતસ્યાપિ હેતોઃ ।*
*ધર્મો નિત્યઃ સુખદુઃખે ત્વનિત્યે*
*જીવો નિત્યો હેતુર્ અસ્ય ત્વનિત્યઃ ॥*

પોતાની કોઈપણ પ્રકારની ઈચ્છા પૂર્તિ માટે, ભય, લોભ કે પ્રાણોની રક્ષા માટે પણ ધર્મ છોડવો જોઈએ નહીં. કારણ કે ધર્મ જ નિત્ય છે. સુખ દુઃખ તો થોડા જ સમય માટે છે. આત્મા જ નિત્ય છે. આ શરીરને ફરીથી બંધનમાં બાંધશો નહીં. શરીર તો નશ્વર જ છે. આ સનાતન સત્ય છે. 'પૂર્ણ બ્રહ્મ નારાયણી' એવું શ્રી શ્રી મા આનંદમયી કહેતાં. તેથી જ આપણા સંતોએ ગાયું છે કે, 'સતનો મારગ છે શૂરાનો...નહીં કાયરનું કામ જોને ''વૈષ્ણવત્વ એટલે નરસિંહ જેવી ટોપી અને કપાળે લાંબુ તિલક, હાથમાં કરતાલ..'' એને તો વેશ કાઢ્યો કહેવાય. એવું કરનારને વૈષ્ણવ ન કહેવાય. તૃષ્ણાનો ત્યાગ કરવાનો હોય નહીં. એ તો જાતે જ જાય. શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવ કહે છે, ''વહુને ગર્ભ રહે, એટલે સાસુ તેનું કામ ઓછું કરી નાખે. જેમ જેમ મહિનાઓ પૂરા થતા જાય, સાસુ પણ પોતાનું કામ થોડું થોડું ઓછું કરતી જાય. પછી તેને પ્રસવ થાય એટલે બધું જ કામ છોડીને તે જન્મેલ સંતાનને જ

લઈને રહે. ભક્તિ વધતી જશે, તેમ કર્મબંધન અને વિકારોનો ક્ષય થતો જશે. જ્યારે પૂર્ણ વૈષ્ણવત્વની પ્રાપ્તિ થશે પછી ''મેરે તો ગિરધર ગોપાલ દૂસરા ના કોઈ.'' 'એક તું એક તું એમ ભાસે...' તૃષ્ણા નિવારણનો એક જ માર્ગ છે. મળ-વિક્ષેપ-આવરણ જાય પછી ષટ્ સંપત્તિની પ્રાપ્તિ થાય. શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન. ઈન્દ્રિયોનું શમન થાય. ઈન્દ્રિયોનું દમન થાય. ટાઢ, તાપ, ભૂખ, તરસ પ્રત્યે સંપૂર્ણ ઉદાસીનતા આવે. ઈશ્વર-નિષ્ઠા વધે. પ્રભુમાં શ્રદ્ધા અને વિશ્વાસ દૃઢ થાય અને વ્યક્તિગત ચૈતન્ય સમષ્ટિગત ચૈતન્યમાં પરિણત થાય. પછી સર્વત્ર બ્રહ્મનું દર્શન થાય. ત્યારે સાકરને વળી ગળપણનો સ્વાદની ખબર ક્યાંથી હોય ? તેવો ઘાટ છે.

### સત્યં વદ, ધર્મં ચર

આપણા અવતારો મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, પરશુરામ, રામ, કૃષ્ણ બુદ્ધ વગેરે ઉત્ક્રાંતિનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. એકકોષીય જીવથી બહુકોષીય જીવ સુધીનું આરોહણ પશુ-પંખી જડ ચેતન સૌમાં એકમાત્ર ઈશ્વરનું જ અનુસંધાન કરાવે છે. તેથી જ તો આપણે તુલસી અને પીપળો પૂજીએ છીએ. નાગપૂજન અને ગોપૂજન પણ કરીએ છીએ. ગોવર્ધન પૂજા પણ કરીએ છીએ. આપણો ભગવાન નદીમાં ગંગા છે. પહાડોમાં હિમાલય છે. જળાશયોમાં સમુદ્ર છે અને નક્ષત્રોમાં સૂર્ય પણ છે. વિશ્વપ્રેમ, વિશ્વબંધુત્વ એ આપણી આગવી ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોની પરંપરા છે. તે મહાન જ્ઞાનના અમૃતનું એક જ કામ છે એ તૃષ્ણાનો ક્ષય કરશે. મોહનાં પડળ તોડશે. મનોનાશ કરશે. વાસનાનો વિનાશ કરશે, પછી સ્ત્રી માત્રમાં દુર્ગા, કાલી, ભગવતી, અંબાનો જ ભાવ થશે. 'પરસ્ત્રી જેને માત' એવું કહેવું નહી પડે, તે તો છે જ.

''જીહ્વા થકી અસત્ય ન બોલે અને પરધન નવ ઝાલે હાથ''ની વાત હવે ગૌણ થઈ જાય છે. જે સ્નાતક અનુસ્નાતક થઈ જાય પછી તેણે પ્રાથમિક શાળાના પાઠ ભણવાની જરૂર હોતી નથી. છતાં ઘરમાં ઝાડું-પોતું રોજ ન થાય, ઝાપટ-ઝુપટ ન થાય તો બાવાં-જાળાં થઈ જાય તેવી જ રીતે જીવનની અંતિમ પળો સુધી ''સત્યં વદ ધર્મં ચર''ની કેડીને પકડી જ રાખવી પડે. કારણ, સત્ય જ ઈશ્વર છે. 'સત્યમેવ જયતે નાનૃતમ્' સત્યનો જ જય છે. અનૃત અસત્યનો તો કદીયે નહીં થાય અને જ્યાં સત્ય છે, ત્યાં જ શ્રીકૃષ્ણ છે. 'યતો કૃષ્ણઃ તતો જયઃ' અને જ્યાં શ્રીકૃષ્ણ છે ત્યાં જ વિજય પણ છે. આ



વિજય એટલે ડંકા-નિશાન નથી. સત્યાન્નાડસ્તિ પરોધર્મઃ સત્ય સિવાય બીજું કંઈ ધર્મતત્ત્વ છે જ નહીં. ઈશ્વરને પણ સચ્ચિદાનંદરૂપાય કહ્યો છે - આ સત્ ચિત્ અને આનંદ એટલે જે શાશ્વત, ચિરંતન કાયમી છે તે જ. વૈષ્ણવત્વનો માર્ગ સત્નો માર્ગ છે. સત્ય જીવનની ભૂમિકા ઉપર પ્રતિષ્ઠિત થયેલો માર્ગ છે. સત્ય જ બ્રહ્મ છે. સત્ય જ પરમતત્ત્વ છે. સત્ય જ જીવનનો પરમ સાર છે.

જીભ સરસ્વતીનું આસન છે. જે દેવતાને જે આસન પર બિરાજીત કરવાના હોય તે આસન પર બીજાને બેસાડી તે દેવતાનું અપમાન કરવાનું ન હોય. આપણે આપણા ઠાકોરજીનાં વસ્ત્રો અલગ રાખીએ છીએ. તેમનાં ટુવાલ-રૂમાલ-થાળ ભોજન કે પૂજાનાં પાત્રોનો આપણાં નીજી જીવન માટે ઉપયોગ કરતા જ નથી. તેવી જ રીતે જે જીભથી હરિસ્મરણ કરવાનું છે. પ્રભુના ગુણ ગાવાનાં છે, તે જીભથી અસત્ય ભાષણ, કટુ ભાષણ, નિંદા વગેરે ન કરવાં જોઈએ. પરંતુ આપણું આમાં કંઈ ચાલતું નથી. ગુજરાતી વ્યાપારી મહામંડળની સ્વર્ણજયંતી પ્રસંગે દિલ્હીથી શ્રી યશવંતસિંહા, શ્રી સંગમા અને અમદાવાદના એક વેપારી તથા મારે બોલવાનું હતું. મારે સૌથી છેલ્લે બોલવાનું હતું. જે જે વેપારી મારા પહેલાં બોલ્યા, તેને મારી કોઈ ઓળખાણ ન હતી. તેમણે એમનાં પ્રવચનમાં કહ્યું, ''પૂછો આ સ્વામીજીને, તેમના આશ્રમમાં દાન કોણ આપે છે ? જો કાળાં બજાર ન કરીએ તો બંગલા ન બંધાય, ગાડીઓ ન દોડે અને મંદિરો કે આશ્રમો પણ ન ચાલે...અરે આ ભગવાનની દુકાન પણ કાળાંબજારથી જ ચાલે છે....વગેરે''તેમને તેમના વિષય પર બોલવાની છૂટ. પરંતુ આટલી મોટી સભામાં આવા મહાન પુરુષોની લાઈનમાં બેસીને આવું છીછરું નિવેદન કરવાનું કોઈ કારણ ન હતું. આપણે આપણા પ્રવચનમાં કોઈને માટે કંઈ ઉતરતું બોલવાની કે અશિષ્ટ વ્યવહાર કરવાની વળી શી આવશ્યકતા ? મારા ઉદ્‌બોધનમાં મેં કહ્યું. ''પૂજ્ય દાસકાકા અમારા કાર્યવાહક અને અધ્યક્ષ છે. તેમની ટોપી કે કપડાંમાં સળ નથી. તેમનું જીવન એક સરળ રેખા જેવું છે. તેમણે મારા હાથ વડે તેમનું લાખો રૂપિયાનું દાન 'ચેક'થી ઈતર સેવાકીય સંસ્થા કે હૉસ્પિટલોને અપાવ્યું છે. એક દિવસ અમદાવાદ-દિલ્હીની ફલાઈટમાં ત્રણેક જુવાનિયા - કાપડના વેપારી દારૂ

પીને છાકટા ફરતા હતા. તેમની જ લાઈનમાં મારી ખુરશી હતી. તેમને મેં પૂછ્યું, તમે કાપડના વેપારી છો તો અમારા પિતાશ્રીને પણ કાપડનો ધંધો છે. મેં પૂજ્ય દાસકાકા અને તેમનાં દીકરાઓનાં નામ આપ્યાં. આ ત્રણેય વેપારીઓનો નશો દાસકાકાનું પવિત્ર નામ સાંભળતાં જ ઊતરી ગયો હતો. એટલે કે ધંધો કરીએ તેથી કાળાં બજાર કરવાં જ પડે, બે નંબર, દશ નંબર કરવા જ જોઈએ એવું નથી. એક દિવસ એક સજ્જનનો ફોન આવ્યો. હું આપને મળવા માગું છું. મેં કહ્યું, ''હમણાં જ આવો.'' તે કહે, ''અત્યારે જ હું સરકારી ટૂરમાંથી આવ્યો છું. બધાં બીલ સરખાં કરવાનાં છે. બે દિવસ પછી આવું તો ?'' મેં કહ્યું, ''તો ન આવશો.'' કારણ જો બીલ સાચાં હોય તો હિસાબ પંદર મિનિટમાં થઈ જશે. પરંતુ મેનુપ્યુલેટીંગ કરવાનું હશે - આડાંદોઢાં હોય તો જ બે દિવસ જોઈએ. તે માણસમાં પ્રમાણિકતા તદ્દન મરી પરવારી ન હતી. તે આવીને મળી ગયો. અનીતિના આચરણના માર્ગેથી પાછો વળી બચી ગયો.

આ જ અસત્યથી રક્ષણ અને પારકાં ધનથી રક્ષણ છે. હમણાં ગયા મહિને જ વેટીકનના પવિત્ર નામદાર પોપે એક ફતવો બહાર પાડીને નવાં સાત પાપોનો ઉમેરો કર્યો. ખ્રિસ્તી પરિવારોમાં છઠ્ઠી શતાબ્દી પછી પહેલીવાર આ નવાં પાપનો ઉમેરો કરવામાં આવ્યો. તેમાં પહેલું અને મોટું પાપ જે કહ્યું, અને જે વિષયે મીડિયાએ બહુ ઉહાપોહ કર્યો તે એ કે, ''તમો વધુ ધનવાન હશો તો તે પાપ છે.'' આ વાત નરસિંહે ૫૨૫ વર્ષ પહેલાં કહી છે. ઉપનિષદે યુગો પૂર્વે કહ્યું છે...વાંછે ન ધન અન્યનું. 'મા ગૃધ : કસ્યસ્વિદ્ ધનમ્' આપણી સંસ્કૃતિમાં ધન હડપીને તેની ઉપર બેસે તેના ધન ઉપર સર્પ બેઠો છે તેવું કહેવામાં આવે છે. પોતાને જેનો ઉપયોગ નથી - બીજાંને તે ઉપયોગ કરવા દેતો નથી. તેને 'ગંજીમાંનો કૂતરો' પણ કહ્યો છે. ઘાસના ઢગલા ઉપર કૂતરો બેસે તે પોતે ઘાસ ખાતો નથી, ખાઈ શકે તેમ નથી, પરંતુ થાકીને આવેલા બળદને પણ ખાવા દેતો નથી. જીવનની આ કેટલી મોટી દુવિધા ?

નરસિંહનું ચિંતન, આ વૈષ્ણવ જન-પદ અદ્‌ભુત છે. આ એક જ પદ સમજી શકાય તો જીવનમાં અભ્યુદયનાં અને આત્મઉત્કર્ષનાં બધાં જ દ્વાર ખૂલી જાય.



પછી મોહ માયાનાં બંધનો નહીં થાય, અને મનમાં દૃઢ વૈરાગ્ય પણ જાગ્રત રહેશે. મહાભારતનાં યુદ્ધના મેદાનમાં ભીષ્મ પડ્યા પછી ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે, 'મામકાઃ પાંડવાશ્ચૈવ' 'મારા અને પાંડુના' અરે, આટલી બધી દુર્દશા થયા પછી પણ તેને આ મારું, આ તારું છુટ્યું નથી !? અમારા બ્રહ્મલીન સ્વામી પ્રેમાનંદજી સદૈવ કહેતા, આ માયા એટલે MAYA = **M**y **A**ction and **Y**our **A**ction. ''આ મારું અને આ તારું એ જ માયા છે.'' શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ કહે છે કે, જ્યારે બે ભાઈઓ ખેતર વચ્ચે ઊભા રહીને એક લાંબી લાઈન દોરે છે અને કહે છે કે, 'આ તારું ખેતર આ મારું ખેતર' ત્યારે કદાચ ભગવાન હસતો હશે, કદાચ રડી પણ શકે. માટે જ સંતોએ ગાયું છે, 'યહ નહીં તેરા, યહ નહીં મેરા, ઈશ્વર કા યહ રાજ્ય હૈ' 'ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્'...'ત્વમેવ સર્વં મમ દેવ દેવ'...જલે વિષ્ણુઃ, સ્થલે વિષ્ણુઃ વિષ્ણુઃ પર્વતમસ્તકે... જ્વાલમાલા કુલે વિષ્ણુઃ...વિષ્ણુઃ પંચમહાભૂતોમાં છે જ. આ જગતમાં છે કંઈ છે તેની અંદર ને બહાર બસ તે જ એકમાત્ર છે. પ્રયત્ન કરો. જપ, ધ્યાન, આત્મસંશોધન, સાધના, શ્રી સદ્‌ગુરુનું શરણ...આ બધું જો એકત્રિત થાય તો હરિ છેટો નથી !!

પછી મોહ નહીં હોય અને માયા પણ નહીં હોય. પછી શેષ રહેશે : 'સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ, એકં એવં અદ્વિતીયં બ્રહ્મ.' અમારા શિવાનંદ આશ્રમ-હૃષીકેશમાં એક સ્વામી વિવેકાનંદ હતા. સંન્યાસ પૂર્વે તેઓ સુભાષચંદ્ર બોઝના A.D.C. હતા. કલકત્તાથી જ્યારે સુભાષબાબુ - બર્મા રંગુન ગયા પછી તેમને મુંબઈ આવવા કહેલું. મુંબઈમાં તેઓ 'ફ્રી પ્રેસ જર્નલ'માં હતા. આશ્રમના પ્રિન્ટીંગ પ્રેસમાં પ્રુફ રીડીંગની સેવા બજાવતા. તેમને પ્રોસ્ટેટ ગ્લાન્ડનું કેન્સર થયેલું. કેન્સર વધતું ગયું. તેમણે તેમની વેદના પીડાની ફરિયાદ એક પણ દિવસ કરી નહીં.

એક દિવસ રાત્રે દશ વાગ્યા પછી તેમણે ઓફિસમાં ફોન કર્યો. મને હૉસ્પિટલમાં લઈ જાઓ ને ? પગે ચાલીને જાતે ઍમ્બ્યુલન્સમાં આવીને બેઠા. હૉસ્પિટલ આશ્રમમાં જ હતી. ત્યાં તેમણે ઈચ્છા વ્યક્ત કરી, ''પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ (આશ્રમના અધ્યક્ષ)ને કહોને મને હવે

આ શરીર છોડવાની રજા આપે.'' પૂજ્ય સ્વામીજી ત્વરિત ત્યાં આવ્યા. સ્વામી વિવેકાનંદજીની પથારી પાસે બેસી એક હાથ તેમના માથા નીચે, બીજો હાથ તેમની છાતી પર રાખીને પૂછયું : ''ઈપડી ઈરક !'' કેમ છો ? જવાબમાં સ્વામીજીએ હાથ જોડ્યા અને બોલ્યા...સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ, એકં એવં અદ્વિતીયં બ્રહ્મ ! ૐ ૐ ૐ અને તેમનું પ્રાણ-પંછી ઊડી ગયું. આ દશ્ય અદ્ભુત હતું. હજુ જ્યારે આ લખું છું ત્યારે પણ આ દશ્ય મારી નજર સામે તરવરે છે. આ અદ્ભુત જીવડો તરી ગયો. તેને ખરા અર્થમાં મોહ, માયા ન હતાં. શરીરથી પણ કોઈ રાગ કે બંધન ન હતાં. તે જીવનમુક્ત જીવ હતો. શારીરિક વેદનાથી પર એકમાત્ર ''આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિંચિત્ અપિ ચિંતયેત્''ની મહાદશામાં તેઓ રહ્યા, શારીરિક ભયંકર વેદના- કેન્સરની છેલ્લી અવસ્થામાં. કેટલી પીડા થતી હશે એ તો રામબાણ વાગ્યા હોય તે જાણે. તેમને મોહ, માયા ન હતાં તેમ વિવેકનો આનંદ હતો, વૈરાગ્ય પણ ભારોભાર હતો.

## ભક્તિ પદારથ મોટું

સાધારણ રીતે રોટી, કપડાં, મકાનની બધી સુવિધા હોય, ત્યારે માણસના મનની વધુ ઊંડાણની ભાળ ભાગ્યે જ મળે છે. જ્યારે ચોપાસથી માણસ સાણસામાં ફસાય અને ત્યારે તે માનસિક સ્વસ્થતા કે સંતુલન જાળવી શકે, ત્યાં જ તેની ખરી પરીક્ષા છે. વૈષ્ણવ એ એક પળભરનું જીવન નથી, રંગમંચનું કોઈ એક થોડી પળો માટે ભજવાતું નાટક નથી. વિશ્વના રંગમંચ ઉપરનું આ વૈષ્ણવત્વ એક ખૂબ જ લાંબુ પાત્ર છે. તે તેણે રાગનાં સૂત્રોમાં બંધાઈને નહીં પરંતુ વીતરાગના રંગે રંગાઈને ભજવવાનું છે. રાગ તો ગમે ત્યાંથી આવી શકે. વીતરાગ માટે આવશ્યક છે - જીવન સંઘર્ષ.

સંગીતનું એક સાધન હોય તેને આપણે સીતાર, વીણા, મૃદંગ, દિલરુબા, જલતરંગના વિવિધ નામોથી ઓળખીએ છીએ. આ વિવિધ વાદ્યો સંગીતનાં સાધનો છે, સંગીત નથી. એમાં સંગીત ઉપસાવવું પડે. સંગીત ઉત્પન્ન કરવું પડે. ષડજ, રીષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદના સ્વરો, વળી વાદી, સંવાદી, શુદ્ધ, વર્જીત આમ સ્વરોની હારમાળામાંથી સંગીતનું સ્વરાંકન થાય છે. આપણને જન્મ મળ્યો છે. મૃત્યુ આવી મળશે. મૃત્યુ અવશ્ય છે. અત્યારે આપણે જે કંઈ કરી રહ્યાં છીએ તે મૃત્યુ ભણીની યાત્રા જ માત્ર છે,



જીવન નથી. જીવન એક સંઘર્ષ છે. તે કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો, પ્રાણ, તન્માત્રાઓ, મહાભૂતો અને અંતઃકરણ-ચતુષ્ટયના બીબાંમાં ઢાળેલો એક ઢાંચો છે. માત્ર પૂતળું, તેમાં પ્રાણ પૂરવો પડે. તે જાગૃત અને પ્રમાણિક પ્રયત્નો દ્વારા જીવનની ધરા-ધૂરાને નવો આયામ આપીએ તે છે. ત્યાં વૈષ્ણવત્વ શોધવું પડશે. આ વૈષ્ણવ અત્યાર સુધી કરેલી ચર્ચાની વચ્ચે અટવાઈ પડ્યો છે. ગૂંચવાઈ ગયો છે. અહીં ઉતાવળ નહીં ચાલે. શાંત રહેવું પડશે.

એક બીજ એક દાબડીમાં બંધ હોય તો તે બીજ જ રહે. તે બીજ એ ન સમજે કે હું વૃક્ષ છું, તો તે કદીયે વૃક્ષમાં પરિણત થઈ શકે જ નહીં. તે બીજે દટાવું પડે. નીચેની ગરમી, ઉપરની ઠંડક વગેરે સહન કરવાં પડે. ત્યાર બાદ જે પ્રમુખ વાત છે તે એ છે કે તેણે પોતાનું અસ્તિત્વ ખોવું પડે. એ બીજ મટી જાય. તૂટે, ફૂટે અંકુરિત થાય પછી તેને સાચવવું પડે. પછી તેમાંથી છોડ અને કાળે કરીને વર્ષોને અંતે તે વિશાળ વૃક્ષમાં પરિવર્તન પામે. આપણો વૈષ્ણવ પણ આવી જ ઉપાસના-સાધના માગી લે છે. મોહ માયા અને દૃઢ વૈરાગ્ય - મોહ માયાથી નિવૃત્તિ અને દૃઢ વૈરાગ્ય માટે પ્રવૃત્તિ. પરંતુ આ બધું આપણા જ વ્યક્તિગત હાથની વાત નથી. ખેતર ખેડીએ, ઢેફાં ભાંગીએ, કચરો નિંદામણ કરીએ અને દાણા ઓરીએ પણ પાણી જ ન પાયું હોય તો ?! રામનામની તાળી પણ વગાડવી જ પડશે. માટે જ નરસિંહ કહે છે, 'ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મ લોકમાં નાહિ રે..' ભક્તિને માટે નરસિંહ સ્પષ્ટ છે, હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર રે. નિત સેવા, નિત કીર્તન ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે...આ ભક્તિ છે. અહીં મુક્તિની આકાંક્ષા નથી. રંતીદેવ પણ 'ન ત્વહં કામયે રાજ્યં ન સ્વર્ગં ન પુનર્ભવમ્' કહીને રાજ્ય, સ્વર્ગ કે પુનર્ભવની ઈચ્છા કરતા નથી. તે ઈચ્છે છે સેવા. શ્રી સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના સમકાલીન સંતો હતા તે પૈકીના સ્વામી તપોવનજી મહારાજ ઉત્તરકાશીમાં રહેતા. તેઓ સ્વામી શિવાનંદજીને કહેતા, ''તમો સેવા બહુ કરો છો. વૈકુંઠમાંથી વિમાન આવે તો મને પણ લેતા જજો.'' સ્વામી શિવાનંદજી પ્રસન્નતાથી પ્રત્યુત્તર આપતા 'હું તો વૈકુંઠ જવા ઉતાવળો નથી. વિમાન તમારે ત્યાં જ મોકલી આપીશ. મારે તો આ પૃથ્વી પર એક પણ વ્યક્તિ મોક્ષ માટે ઝુરતી હશે તો તેને મોક્ષ અપાવવાની સાધનામાં

મદદ કરીશ અને પછી અંતે સૌથી છેલ્લે હું વૈકુંઠ આવીશ.'' આ રામનામની તાળી છે. શ્રીરામને આપણે મંદિરની ચાર દીવાલોમાં બાંધી રાખ્યા છે. શ્રીરામ જડ ચેતન...સકલ રામમય છે. તેવા રામની પ્રીતિ થાય તો વૈષ્ણવત્વ આ દેહમાં દેવ થઈને પ્રગટે છે. સકળ તીરથ તેના તનમાં રે...ત્યારે આવા વૈષ્ણવોને માટે આપણે ત્યાં ''જંગમતીર્થ'' એવો શબ્દ વાપર્યો છે. શાશ્વત ચિરંતન સર્વત્ર બ્રહ્મનું દર્શન, તેની દિવ્ય અનુભૂતિ અને તે જ પ્રમાણે પરમ સરળ સહજતાનું સ્પંદિત જીવન એટલે જ વૈષ્ણવ જન.

## કામ, ક્રોધ, લોભ

નરસિંહને હજુ પણ શંકા છે. માનવ નદી તરે પછી છેક કિનારે પહોંચતાં પૂર્વે ડૂબી જાય. ઓરિસ્સાના બ્રાહ્મણો માટે કહેવત છે કે, તેમને હાથીને સોનેથી મઢીને દાનમાં આપો. તે હાથી ઉપર સોનાની અંબાડી મૂકો. તે અંબાડી ઉપર ભૂદેવને બેસાડો. ઉપર સોનાનું છત્ર પકડીને સેવક ઊભો રહે અને હવે એ ભૂદેવની વિદાય કરો. જે મંડપમાં આ દાન આપવામાં આવ્યું તે મંડપની બહાર સ્વસ્તિક પૂજા માટે કેળના સ્તંભો મૂક્યા હોય છે. મંગલ ઘટ એટલે કે તાજાં નવાં માટલાં ઉપર તાજાં લીલાં નાળિયેર તેની ચોટલી સાથે, આમ્રપલ્લવ સાથે મૂક્યાં હોય છે. તો આ ભૂદેવ સોને મઢેલા હાથી ઉપર, સોનાની અંબાડીમાં બેસીને, સુવર્ણ છત્ર નીચે રહીને મંડપમાંથી બહાર જતી વખતે આ મંગળઘટ, તેની ઉપરનાં નાળિયેર, આમ્રપલ્લવ અને કદળી સ્તંભ બધું જ લેતા જશે. કદળી સ્તંભ અને આમ્રપલ્લવ હાથીને ખવડાવવા માટે તથા નવું માટલું ઠંડુ પોતાને પાણી પીવા કામ લાગશે. વળી, નાળિયેર તો પીશું જ !!!

ગીતામાં વર્ણવેલ દૈવી અને આસુરી ગુણો પૈકી દૈવાસુર સંગ્રામ યોગમાં કહ્યું છે કે, નરકના માર્ગે લઈ જનારાં ત્રણ દ્વાર છે અને તે દ્વારો એટલે કામ, ક્રોધ અને લોભ. ભગવાન ભાષ્યકાર આદિ શંકરાચાર્યજીએ કહ્યું, ''આ ત્રણ કામ, ક્રોધ અને લોભ નામના ચોર આપણી અંદર રહેલ જ્ઞાનરત્ન -સમજણને ચોરવા માટે બેઠેલા છે. માટે સાવધાન. તસ્માત્ જાગ્રત જાગ્રત !!

નરસિંહ કહે છે : વણલોભી ને કપટ રહિત જે...આ લોભને થોભ નથી. શ્રી દ્વારકાધીશના મંદિરોમાં અનેકાનેક બ્રાહ્મણદેવતાઓ હોય છે. રેશમી



વસ્ત્રો, રેશમી અંગરખાં, હાથમાં હીરા જડેલી ત્રણ સ્વર્ણ મુદ્રિકાઓ, કમરમાં સોનાનો કંદોરો, હાથમાં સોનાની પોંચી અને ગળામાં સોનાની ચેન, કપાળમાં લાંબુ વૈષ્ણવ તિલક અને કાનમાં અત્તરનાં પૂમડાં. આ બધા જ શ્રી કૃષ્ણના ભક્તો કહેવાય છે. તેથી વૈષ્ણવો જ થયા. પરંતુ નરસિંહને આ વૈષ્ણવ રુચ્યા નથી. કારણ કે મંદિરમાં આવતા-જતા જાત્રાળુઓ અભ્યાગત ભિખારીને રૂપિયો ચાર-આઠ આના આપતા હોય ત્યાં આ વૈષ્ણવો લાંબો હાથ કરતા જ હોય છે. તેમનાં દર્શન કરીને જ નરસિંહ દુઃખી થયા હશે.

નરસિંહ કહે છે, શ્રીકૃષ્ણ અને વૈષ્ણવ વચ્ચે એક પડદો છે, તે છે લોભ. એક શબ્દ છે. લાભ. ત્યાં 'લ' પછી 'લા' એટલે એકના ડબલ એમ લાભ શબ્દ થાય. પરંતુ 'લ' માંથી 'લો' સુધી જતાં આઠ પગથિયાં ચઢવાં પડશે. એકના આઠ કરવા તે લોભ છે. નરસિંહ સજ્જન છે. તે સજ્જનતામાં માને છે. એમને માટે લોભ એ દુર્જનનું ભૂષણ છે. તેથી જ ''વણલોભી ને કપટ રહિત છે..કામ, ક્રોધ નિવાર્યાં રે.'' એમ કહ્યું છે. કામના વગર માણસ રહી જ ન શકે. તેથી કામના રાખવી હરિદર્શનની. પ્રભુનાં સર્વત્ર દર્શન કરી તેની સર્વત્ર સર્વ જડ ચેતનામાં સેવા કરવાની. નિત્ય વહેલા ઊઠીને.. હરિસ્મરણનો લોભ રાખવો. રાત જ્યારે રહે પાછલી ખટઘડી સાધુ પુરુષે ન સૂઈ રહેવું અને જો સૂઈ રહ્યા હોઈએ તો પોતાના પ્રમાદ પ્રત્યે ક્રોધ રાખવો.

અમે નાનપણથી એક સજ્જનને ઓળખીએ છીએ. તેમણે એક વખત અમને કહ્યું. ''થોડો મરચાંનો ભૂકો લાવો તો.'' અમોએ તેમને વાટકી ભરીને મરચાંનો ભૂકો આપ્યો. પછી અમો અમારે કામે વળગ્યા. પરંતુ આ મહાપુરુષે તે વાટકીમાંથી ચપટી ભરીને મરચાંનો ભૂકો પોતાની આંખોમાં નાખ્યો. ઘણું દુષ્કર કાર્ય હતું. કંઈ સમજ ન પડી. શું કરવું. થોડું પાણી છાંટીને જેટલું નીકળી શકે તેટલું કાઢ્યું. પછી નજીકના ડૉકટર પાસે તેને લઈ ગયા. ડૉકટરે અમને ધમકાવ્યા. કંઈક બીજું માગ્યું હશે. તો પેલા ભાઈ બોલ્યા : 'ના, ના, મેં મરચું જ માગ્યું હતું. બરફ ઘસ્યો. આંખો ધોવડાવી. પછી ત્રણ દિવસે બધુ ઠેકાણે પડ્યું. ત્યારે શાંતિથી અમોએ તેમને પૂછયું. 'આંખોમાં મરચું શા માટે ભભરાવ્યું હતું. આટલી મોટી રામાયણ થઈ. તો ઠંડે કલેજે બોલ્યા. 'પડોશીની દિકરીને કામવાસનાથી જોઈ હતી, એટલે આંખોને સજા કરી !!!

આ વાત સતયુગની નથી. માત્ર ચાળીસ વર્ષ પહેલાંની છે અને આવા પ્રમાણિક પુરૂષોનાં પ્રમાણિક જીવન થકી જ સમાજમાં વૈષ્ણવત્વ ટકી રહ્યું છે. તે મિત્રના શબ્દોમાં આડંબર ન હતો. છળ કે કપટનો તો પ્રશ્ન જ નથી. છતાં કેટલું બધું ભયંકર. કામની જાગૃતિમાં ક્રોધ પોતાની ઉપર જ, અને પાછું જે સત્ય હતું તે કહ્યું, તેમાં કપટ નહીં જ.

લોભને પાપનું મૂળ કહ્યું છે. તેને-લોભને આત્માનું હનન કરનાર દુર્ગુણ ગીતાએ વર્ણવ્યો છે અને તેવું જ કામ તથા ક્રોધનું છે. નરસિંહ અહીં ચોથું તત્ત્વ કપટરહિતતા ઇચ્છે છે. આ વાતને આપણે સમજવી પડે.

એક દિવસ એક ઢળતી સાંજે એક ગામને પાદર એક મંદિરમાં એક સાધુ આવીને રહ્યા. મંદિરની બાજુમાં જ નદી વહેતી હતી. સાધુ પરોઢિયે ઊઠ્યા. નદીમાં સ્નાન કરી, કિનારે એક વિશાળ શિલા ઉપર ધ્યાન ધરવા બેઠા. હવે આજ શિલા ઉપર ગામનો ધોબી દરરોજ કપડાં ધોવા મળસ્કે જ આવતો હતો. ધોબી આવ્યો. તેનાં કપડાં ધોવાની શિલા-ખડક ઉપર મહારાજ ધ્યાનસ્થ હતા. ધોબીને લાગ્યું કે મહારાજ જાગશે. એટલે ધોબી અવાજ કરવા લાગ્યો. પાણીનાં છબછબિયાં કર્યાં. પછી મહારાજ ઉપર ખોબલે ખોબલે પાણી નાખવા લાગ્યો અને અંતે મહારાજને ધક્કો માર્યો. મહારાજનું મૌન તૂટ્યું. જાણે ચૂપચાપ થીજી ગયેલું આભ ફાટ્યું. પહેલાં વાક્યુદ્ધ થયું. પછી શારીરિક. બંને પક્ષો ઘવાયા, હણાયા, ત્રસ્ત થયા. ધોબી પૂર્વમાં બેઠો હતો, મહારાજ પશ્ચિમમાં. આ મહારાજનો એક ભૂત સાધેલો હતો. તે ભૂતે દિલસોજી વ્યક્ત કરી. કહ્યું. તમને બહુ લાગ્યું નહીં ? દુઃખ થતું હશે ખરું ને ? મહારાજે કહ્યું,‘‘પેલો તારો સગો મને માર મારતો હતો ત્યારે તું ક્યાં ગયો હતો ?’’ ભૂતે કહ્યું, ‘‘બાપજી અહીં જ હતો.’’ તો પછી બચાવવા કેમ ન આવ્યો ?’’ ‘‘બાપજી ! બચાવવા જ આવેલો. પણ આ પરસ્પર યુદ્ધમાં ખબર ન પડી કે ધોબી કોણ અને સાધુ કોણ ?’’

આપણાં આયખાં સાધુતા અને વૈષ્ણવત્વનાં કપટમાં જ ગયાં છે. કામ, ક્રોધ સંચર્યા નથી. મથુરાજી ભાઈબીજ નહાવા જવાના મનોરથ કરવા જતાં અને આવતાં ટ્રેનમાં આપણે શાંતિ સદ્ભાવ મૈત્રીપૂર્ણ વાતાવરણ જાળવીએ છીએ ? પરોપકાર કરીએ છીએ ? પરપીડાથી પીડિત થઈએ છીએ ? પરસ્ત્રી પર માતૃવત્ ભાવના કેળવીએ છીએ ? વાચ અને કાછમાં સંયમ છે ? કે



પછી મથુરાજીમાં દહીંવડાં અને કચોરી મળે, ને વૃંદાવનમાં રબડી મળે તેવું આપણા અમદાવાદમાં ન મળે હો ! એવા વિચારો કરીએ છીએ ? આ બધું ગંભીર વિચારણા માગી લે છે.

વૈષ્ણવ નરસિંહની કલ્પના નથી. નરસિંહના સ્વકીય જીવનનું દર્શન છે. નરસિંહને સમાજ પાસે કોઈ આશા કે આકાંક્ષા નથી. કારણ કે, તેમનાં કહેવાતાં તમામ પોતાનાં લોકોએ નરસિંહને ધિક્કાર, ઘૃણા અને શારીરિક તથા માનસિક યાતના જ આપી છે. પરંતુ નરસિંહનું માનસ ઉદ્વિગ્ન નથી. તે પ્રગાઢ પ્રશાંત જીવનના ધણી છે. શ્રીકૃષ્ણ કૃપાના અને ભવનાથ મહાદેવની કૃપાના પાત્ર થયા છે. તેમનું જીવન કપડાંને સીવડાવવું એમ કહીએ તો આપણે ધર્મને ભ્રષ્ટ કરીએ એવી ભાવના નથી. ‘સીવડાવવું’ શબ્દમાં ‘શિવ’ બોલીએ તો કૃષ્ણનાં દ્વાર આપણે માટે બંધ થઈ જશે, એવું સંકુચિત માનસ ધરાવતો આ નરસિંહ વૈષ્ણવ નથી. નરસિંહને તો ભગવાન ભોળાનાથ મહાદેવ ભવનાથ થકી જ શ્રીકૃષ્ણ અને રાસલીલાનાં દર્શન થયાં છે. તેને મન મહાદેવ શિવ સ્વયં શ્રેષ્ઠ વૈષ્ણવ છે. નરસિંહનો વૈષ્ણવ ભક્તિના મુક્ત આકાશમાં ઊંચી ઉડાન ભરતો નિત્ય સત્ય, નિત્ય શુદ્ધ, નિત્ય બુદ્ધ, જ્ઞાન, પ્રકાશ અને વિકાસથી સ્વકીય પ્રત્યેક શ્વાસને સર્વત્ર શ્રીકૃષ્ણનાં દર્શન કરી, વિનમ્રભાવે સેવા અને પરોપકારમાં જ યાપન કરતો વૈષ્ણવ છે. નરસિંહના વૈષ્ણવનું તિલક સેવાનું ચંદન છે. પ્રભુસ્મરણનો ચાંદલો છે. પરોપકારનો મુગટો ધારણ કર્યો છે અને વિનમ્રતાની કામળી ઓઢે છે. નરસિંહનો વૈષ્ણવ પ્રત્યેક જડ ચેતનમાં રહેલા ઠાકોરજીને સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનનાં પુષ્પોની માળા જ પહેરાવે છે. નરસિંહનો વૈષ્ણવ રોજ - નિત્ય સરળતાનાં જળથી સ્નાન કરે છે. નરસિંહના વૈષ્ણવના જનોઈનાં ત્રણ તાંતણા અકામ, અલોભ અને અક્રોધના છે. તેથી તેનો વૈષ્ણવ આજે પંચશતી પછી પણ હયાત છે - જાગ્રત છે - સ્વસ્થ છે. એક પ્રકાશસ્તંભની માફક ભક્તિફેરી કરનારાને માર્ગે પ્રકાશ પાથરે છે. નરસિંહ પોતે જ કહે છે કે, ‘‘ભણે નરસૈયો તેનું દરશન કરતાં કુળ એકોતેર તાર્યાં રે.’’ નરસિંહનો વૈષ્ણવ પાકો પરમાર્થી છે. પોતાની ભક્તિમાં પોતાનાં એકોતેર કુળનું કલ્યાણ કરે છે. નરસિંહ બ્રાહ્મણ હતા. પણ ભક્તિના સોદામાં ચક્રવર્તી વ્યાજ સાથેનો સોદો કરનારા પાકા વ્યાપારી પણ છે. ૐ શાંતિ.

# સ્વામી અધ્યાત્માનંદજી



દિવ્ય જીવન સંઘની સ્થાપના પરમ પૂજ્ય શ્રી સ્વામી શિવાનંદજી મહારાજે સન ૧૯૩૬માં કરી. તેમના પછીના પ્રમુખ પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના શ્રી સ્વામી અધ્યાત્માનંદજી પ્રિય શિષ્ય છે. શ્રી સ્વામી અધ્યાત્માનંદજીએ સન ૧૯૭૧ના જાન્યુઆરીમાં સંન્યાસી જીવનમાં પ્રવેશ કર્યો અને સન ૧૯૭૪માં વિધિવત્ સંન્યાસ ગ્રહણ કર્યો. ત્યારથી શરૂ કરીને આજ સુધી તેઓશ્રી પોતાના પૂજ્ય ગુરુદેવના આદેશ પ્રમાણે આપણા પ્રાચીન ઋષિ-મુનિઓના સંદેશના પ્રચાર - પ્રસારમાં રત છે.

આ સંદેશ તેઓ આપણાં પ્રાચીન સાંસ્કૃતિક તથા વૈજ્ઞાનિક તથ્યોના આધારરૂપ યોગ, પ્રાણાયામ તથા ધ્યાનના માધ્યમથી આપી રહ્યા છે. તેઓ આજ સુધી દુનિયાભરમાં ૭૦૦થી વધારે યોગ-શિબિરોનું આયોજન અને સંચાલન કરી ચૂક્યા છે. છેલ્લાં પચાસ વર્ષથી તેઓ આકાશવાણી પર નિયમિત જ્ઞાન પ્રસાર કરે છે તથા છેલ્લાં ૪૦થી વધુ વર્ષથી દૂરદર્શનના માધ્યમથી યોગના શિક્ષણના ફેલાવા માટે યોગદાન આપી રહ્યા છે.

થોડા સમય પહેલાં દીન-દુઃખીઓ પ્રત્યેના પોતાના અગાધ પ્રેમને વશ થઈ તેઓએ પોતાના હીરકજયંતી સમારંભના ઉપલક્ષ્યમાં ૨૩૦ રક્તદાન શિબિરોનું આયોજન કર્યું. જેમાં ૬૯,૫૪૨ રક્તદાતાઓએ ૨,૭૮,૧૬,૮૦૦ મિ.લિ. રક્તનું દાન કર્યું. તેઓ પોતે પણ આ બધા દાતાઓમાં સૌથી વધુ (૧૧૭ વખત) રક્તદાન કરી ચૂક્યા છે. પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યેના પ્રેમને વશ થઈ તેઓએ વિશ્વભરમાં એક કરોડથી વધુ વૃક્ષો રોપ્યાં છે.

પોતાના ૩૮ વર્ષના સંન્યાસી જીવનમાં તેઓએ લોકભોગ્ય ભાષામાં ગીતા, ઉપનિષદ, શ્રીમદ્ ભાગવત, શ્રી દેવી ભાગવત વગેરે વિષયો પર પ્રવચનો કરી લાખો શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા છે, પ્રેરણા આપી છે. કરુણાથી છલકાતા હૃદયથી તથા સહાનુભૂતિપૂર્વકના પવિત્ર સ્પર્શથી તેઓએ પૂર્વ તથા પશ્ચિમના અનેક યુવાનોને નશાની લતમાંથી મુક્ત થવાની પ્રેરણા આપી તેમના અંધકારમય જીવનમાં નવપ્રભાતનો ઉદય કર્યો છે.

વિશ્વવિદ્યાલયોમાં, કોલસાની ખાણોમાં, સૈનિક દળો તથા વહીવટી સંસ્થાઓમાં મેદાની ક્ષેત્રોથી લેહ, કારગિલ, પૂંછ જેવા દુર્ગમ પહાડી વિસ્તારો સુધી પોતાની યોગશિબિરોના માધ્યમથી તેઓ દેશની અથાક સેવા કરી રહ્યા છે. પોતાના ભગીરથ પ્રયાસો દ્વારા યોગના પ્રચાર અને પ્રસારથી તેઓએ અગણિત વ્યક્તિઓનું જીવન સુધાર્યું છે, સમૃદ્ધ બનાવ્યું છે. તેમનું જીવન એટલે પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે સતત સંઘર્ષનું જીવંત ઉદાહરણ. તેઓ સાચા અર્થમાં એક કર્મયોગી છે. કોઈ પરિચિત હોય કે અપરિચિત તેઓ પ્રત્યેકની સેવામાં હંમેશાં તૈયાર જ હોય છે. હાલમાં તેઓ શિવાનંદ આશ્રમ, અમદાવાદ તથા ગુજરાત દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ છે.



Print Vision